કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક ● 10, April 2023 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ



## પર્વતારોહણ–રોક કલાઈમ્બીંગ સ્કુબા ડાઈવીંગ, સ્કીઈંગ ક્ષેત્રે ભૌમિક ભારદીયાની અનેરી સિદ્ધિ

## કંચનબેન સિદ્ધપુરા બન્યા રાજકોટના ડેપ્યુટી મેયર

# સમસ્ત લુહાર સમાજ દ્વારા રાજકોટના ડેપ્યુટી મેયર કંચનબેન સિદ્ધપુરાનું સન્માન



લુહાર સમાજની ચારેય સંસ્થાઓના પ્રમુખો રાજુભાઇ સિદ્ધપુરા, પ્રવીણભાઇ આસોડીયા, કમલેશ સિદ્ધપુરા, યોગેશભાઇ સોલંકીએ કંચનબેનને સન્માનપત્ર આપી સન્માન કર્યું હતું.



પ્રાસંગીક પ્રવચન કરતા મેયરશ્રી પ્રદિપ ડવ



પ્રાસંગીક પ્રવચન કરતા ડે. મેયર કંચનબેન સિદ્ધપુરા



પ્રાસંગીક ઉદબોધન કરતા ધારાસભ્ય ઉદય કાનગડ



અશોકભાઇ રાઠોડે ધ્વજાજી અર્પણ કરી સન્માન કર્યું હતું.



વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જરે વિશ્વકર્મા પુરાણ અર્પણ કરી કંચનબેનનું સન્માન કર્યું હતું.



પરેશભાઇ પરમારે અમદાવાદના ટ્રસ્ટી દાસકાકાનું સન્માન કર્યું હતું.

અહેવાલ અને વધુ તસવીરો માટે જુઓ પાના નં. ૧૫ પર

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-12, Issue No.3
Date : 10-04-2023

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



## ૧૪ વર્ષ બાદ વિશ્વકર્મા પરિવારે મળ્યુ ગૌરવ

# કંચનબેન સિદ્ધપુરા બન્યા રાજકોટના ડેપ્યુટી મેયર

રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર તરીકે શ્રીમતી કંચનબેન સિદ્ધપુરાની વરણી થતા રાજકોટ મહાનગરપાલિકામાં ૧૪ વર્ષ બાદ વિશ્વકર્મા પરિવારને સ્થાન મળતા વિશ્વકર્મા પરિવારને સ્થાન મળતા વિશ્વકર્મા પરિવારમાં હરખની લાગણી વ્યાપી છે. કંચનબેન લુહાર સમાજના છે. અને કોર્પોરેશનમાં પ્રથમવાર લુહાર સમાજને પ્રાધાન્ય મળતા સમસ્ત લુહાર સમાજે પણ ગૌરવની લાગણી અનુભવી રહ્યું છે અને અદકેરુ સન્માન પણ કર્યું છે.

રાજકોટ મહાનગરપાલિકામાં ૧૯૯૮-૧૯૯૯માં વિશ્વકર્મા પરિવારના ગોવિંદભાઇ સોલંકી પ્રથમવાર મેયર બન્યા હતા અને વિશ્વકર્મા પરિવારના જ શ્રી નરેન્દ્રભાઇ સોલંકી ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પણ બન્યા હતા. ત્યારબાદ વર્ષો બાદ વિશ્વકર્મા પરિવારને પ્રાધાન્ય આપી ભારતીય જનતા પક્ષના મોવડી મંડળે વિશ્વકર્મા પરિવારના શ્રીમતિ કંચનબેનને ડે. મેયર પદ જેવું મહાનગરપાલિકાનું મહત્વનું સ્થાન મળ્યું છે.

કંચનબેન સિદ્ધપુરાને ડે. મેયર પદ મળ્યુ તે તેમની ભાજપમાં ૨૫ વર્ષની મહેનતનું ફળ છે. રાજકોટના જુના હુડકો કવાટર્સમાં રહેતા કંચનબેને ભાજપમાં કાર્યકર તરીકે શરૂઆત કર્યા બાદ સંઘર્ષ આવડત અને સમાજ સેવા દ્વારા પ્રગતિ કરતા રહયા. શહેર ભાજપમાં ઉપપ્રમુખ, મંત્રી, મહામંત્રી અને મહિલા મોરચામાં પણ મહામંત્રી બની ચુકયા છે. લુહાર સમાજ મહિલા મંડળના પ્રમુખ તરીકે તેઓ મહિલાઓના ઉત્કર્ષ માટે કામ કરી રહયા છે.

રાજકોટ શહેરમાં વિશ્વકર્મા પરિવારની નોંધનીય વસ્તી છે. વિશ્વકર્મા પરિવાર અસંગઠીત નથી તેથી રાજકારણમાં જોઇએ તેવો અવાજ નથી. આવી પરિસ્થિતિમાં કંચનબેન સિદ્ધપુરા વિશ્વકર્મા પરિવારની સંગઠનની ઉણપ પુરી કરશે. તેવી આશા જન્મી છે. વિશ્વકર્મા પરિવાર મોટાભાગે કારીગર-શ્રમજીવી વર્ગ છે. ત્યારે વિશ્વકર્મા પરિવારનું સંગન મજબુત થાય તે ઇચ્છનીય છે અને આ ઇચ્છનીય કામ કરવા કંચનબેન વધુને વધુ સક્રિયતા દાખવે તેવી સમાજમાં માંગ છે.

રાજકોટમાં નાના મવા અંડરબ્રીજ સર્કલનું વિશ્વકર્મા સર્કલ નામાભિધાન થાય તેવી વિશ્વકર્મા પરિવારની લાગણી અને માંગણી છે અને આ માંગણી સંતોષાઇ તે માટે કંચનબેન પણ પ્રયત્નશીલ છે. હવે, તેઓ ડેપ્યુટી મેયર બન્યા છે. ત્યારે સમાજની આ માંગણી ઝડપથી પુરી કરવામાં સિંહ ભાગ ભજવે તેવી વિશ્વકર્મા પરિવારની ભાવના છે. કંચનબેન ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી વિશ્વકર્મા પ્રભુજીને પ્રાર્થના...

P.D.Gajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

## -૨૦ ડિગ્રી ટેમ્પરેચરના વાતાવરણમાં

# ભૌમિક ભારદીયાએ ૧૭૨૫૫ ઉંચુ શિખર સર કર્યું

પ્રવીણ ગજ્જર

### એન્જિનિયરીંગ કરતા કરતા ટ્રેકિંગ પર્વતારોહણ, રોક કલાઈમીંગ, સ્કુબા ડાઈવીંગ, સ્કીઇંગ જેવી પ્રાપ્ત કરી અનેરી સિદ્ધિ



યુવાનમાં સાહસ, ધગશ અને જીવનમાં કંઇક કરી છુટવાની ભાવના હોય તો ઉચ્ચ શિક્ષણ મેળવવાની સાથે કેવી કેવી સિદ્ધિ હાંસલ કરી શકાય છે તેનું જીવંત ઉદાહરણ એટલે ૨૨ વર્ષનો આપણો યુવાન ભૌમિક ભરતકુમાર ભારદીયા.


આર્મીમાં નિવૃત થઇ અને હાલ આઇટીઆઇમાં ફોરમેન ઇન્સ્ટ્રક્ટર તરીકે ફરજ બજાવતા ભરતભાઇ ભારદીયા અને બીનાબેનના પુત્ર ભૌમિક ભારદીયાએ ગાંધીનગરની લીલાબેન દશરથભાઇ રામદાસપટેલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનીકલ એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટયુટમાં ઉચ્ચ અભ્યાસ કરે ઓટોમોબાઇલ એન્જિનિયરીંગ બી.ઇ. ૨કવાની સાથોસાથ રમતગમત, પર્વતારોહણ, ટ્રેકીંગ રોક કલાઇમીંગ અને સ્કીઇંગ એનસીસી ક્ષેત્રે પણ અનેર સિદ્ધિ મેળવી સમગ્ર સમાજના યુવાનો માટે પ્રેરણારૂપ કાર્ય કર્યું છે.

૧૧માં ધોરણમાં અભ્યાસ કરતા કરતા ભૌમિકે મનાલીમાં ૮૦૦૦ ફુટ ટ્રેકીંગ કર્યા બાદ હીમાચલમાં ૧૧૦૦૦ ફુટ (ડેલ હાઉસ) અને ત્યારબાદ હીમાચલમાં








# શિવરાજપુર બીચના દરીયામાં ૬૦ ફૂટ ઉંડે ૨૦ મિનિટ વિતાવી





## રાજકોટનો ભૌમિક ભરતભાઇ ભારદીયા આર્મીમાં ઓફીસર બનવાની તૈયારી કરી રહયો છે

૧૪૧૦૦ ફૂટનું ટ્રેકીંગ કરી બીગુલેક શીખર સર કર્યું હતું અને ત્યારબાદ ઉતરાખંડમાં ૧૨૫૦૦ ફૂટ ઉંચુ કેદારકંઠા શીખર સર કર્યું હતું. અને ત્યારબાદ ૨૦૧૦માં હિમાલયમાં આવેલ માઉન્ટ જગત સુખ શીખર જે ૧૬૮૦૦ ફુટ ઉંચુ આવેલ છે તે સર કરી ભારતીય તિરંગો લહેરાવ્યો હતો.

રોક કલાઇમીંગ અઘરૂ છે. પથ્થરના ઉંચા પર્વત પર ચડવુ અઘરું છે. ભૌમિકે મહારાષ્ટ્રમાં આવેલ ટેઇલ બેલા નામના પર્વત પર ૨૫૦ ફુટનું રોક કલાઇમીંગ કર્યું હતું.

ગરમીના દિવસોમાં હિમાલચયમાં પર્વતારોહણ કરવાનું સૌ કોઇ પસંદ રકે છે. પરંતુ વીન્ટરમાં માઇનસ ૨૨ ટેમ્પરેચર હોય ત્યારે પર્વતારોહણ કરવાની મંજૂરી મેળવવાનું પણ અઘરું છે. પરંતુ ઓફીસરે ભૌમિકની હિંમત જોઇ વીન્ટરમાં પણ પર્વતારોહણ કરવાની ખાસ પરવાનગી આપતા ડીસેમ્બર ૨૦૨૨માં હિમાચલમાં ૧૭૨૫૫ ફૂટ ઉંચાઇનુંમાઉન્ટ ફ્રેન્ડશીપ શીખર પર ૮ દિવસ પર્વતારોહણ કરી આ શીખર પણ સર કર્યું. વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં ભૌમિક ભારદીયા કહે છે. પર્વતારોહણ માટેના સ્નોબુટનું વજન ૫ કિલો હોય છે. આઇસ એકસના ઉપયોગથી, હેલ્મેટ પહેરી રોજ ૨૫૦૦ ફૂટ ચડી કેમ્પ કરવાનો હોય છે. કેમ્પ કરવા માટેની જગ્યા પરના બરફના ટેકરા સમતલ કરી કેમ્પની વ્યવસ્થા કરી જાતે જ રસોઇ બનાવવી પડે છે. બરફ ઓગાળીને પાણીની વ્યવસ્થા કરવી પડે છે. માઇનસ ૨૨ ડિગ્રીના વાતાવરણમાં કયારેક તો યાદશકિત ગુમાવવાનો વારો આવે છે. અમારા ગાઇડ રીકીભાઇ દરેક ક્ષેત્રમાં નિપુણતા ધરાવતા હોવાથી અમને ખાસ મુશ્કેલી નડી નહીં.

પર્વતારોહણ વખતે પ્રદુષણના ખાસ ખ્યાલ રાખવાનો હોય કોઇપણ કચરો દેખાય તો એકત્ર કરી યોગ્ય જગ્યાએ નિકાલ કરવાનો હોય છે.

ભૌમિક ભારદીયાએ ૨૦૨૩માં કાશ્મીર-ગુલમર્ગમાં ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ સ્કીઇંગ એન્ડ માઉન્ટેરીયનમાં કોર્ષ પણ કર્યો ૨ વીકના કોર્ષમાં બેઝીક સ્નો સ્કીઇંગ શીખી શકાય છે. પરીક્ષા પણ લેવાય છે. જેમાં ભૌમિક ભારદીયાએ 'એ' ગ્રેડ મેળવ્યો છે. ઓલમ્પીક રમેલા, ઓલ્મીપક રમેવા, લડાખના



સેન્ડી રીકઝીન અને કાશ્મીરના નઝીર સર પાસેથી આ કોર્ષ કરવાનો લાભ મળ્યો.

તાજેતરમાં એટલે કે મે-૨૩માં ભૌમિક ભારદીયાએ સ્કુબા ડાઈવીંગ પણ કર્યું. યુનેસ્કોએ જેને બ્લ્યુ ફલેગ વીચ જાહેર કર્યો છે. અને એશિયાના સૌથી કલીન બીચનું બિરૂદ મેળવી ચુકેલા અને બેટ દ્વારકાના શીવરાજપુર બીચ પર છેલ્લા બે વર્ષથી સ્કુબા ડાઈવીંગ શરૂ કરાયું છે. જેનો લાભ ગુજરાત કરતા બહારના રાજયો વધુ લાભ લે છે.

ભૌમિક ભારદીયા કહે છે, દરીયામાં ૧ કિલોમીટર દુર લઇ જઇ ૨૦ મિટર ઉંડાઇએ સ્કુબા ડાઇવરને ઉતારવમાં આવે છે. સ્કુબા ડાઈવીંગ માટેની કીટ સંસ્થા આપે છે. દરીયાની અંદર ૨૦ મીટર ઉંડાઇએ જઇ ૨૦ મિનિટ રહેવાનો આનંદ સ્વર્ગીય અનુભૂતિ કરાવે છે. દરીયાની અંદર ૨૦ મીટર ઉંડે એકદમ શાંતિનો અહેસાસ થાય છે. માત્ર શ્વાસનો જ અવાજ સંભળાય તેવી શાંતિ પ્રવર્તે છે.

ભૌમિક ભારદીયા કહે છે, મે હિમાલયમાં પર્વતારોહણ કર્યુ ત્યારે જરાય બીક ન હતી. પરંતુ પાણીની મને બીક હતી. આમ છતાં આ બીક મારે ભાંગવી હતી અને દરીયામાં સ્કુબા ડાઇવીગ કરી મે બીક કાઢી નાખી છે.

ભૌમિક ભારદીયા કોલેજમાં હતો ત્યારે જ એનસીસીનો ૩ વર્ષનો કોર્ષ ૨૦૨૧માં પુરો કર્યો અને તેમાં પણ આલ્ફા એ ગ્રેડ મેળવ્યો છે.

ભૌમિકે બી.ઇ. પુરૂ કર્યું છે. તે આર્મીમાં ઓફીસર બનવા માંગે છે અને આ માટેની સર્વિસ સિલેકશન બોર્ડ ઇન્ટરવ્યુ માટેની તૈયાર કરી રહયો છે. આર્મીમાં સીધા ઓફીસર બનવા માટેનો ૫ દિવસનો ઇન્ટરવ્યુ ખુબ જ અઘરો હોય છે અને માંડ બે ટકા યુવાનો સિલેકટ થાય છે.

સર્વિસ સીલેકશન બોર્ડની પરીક્ષામાં આવતા બે ટકા પરિણામમાં ભૌમિક ભારદીયાનો પણ સમાવેશ થાય તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.

# પરીક્ષા

**- રૂપલ ડી. ગંગાજળીયા**

જયારે નાના હતા ને ભણતા હતા તો હંમેશા ચિંતા રહેતી પરીક્ષાની એક વર્ષમાં જે ત્રણ પરીક્ષા આવતી હતી ને ! મનમાં બીક રહેતી કે શું થાશે ! પાસ થશું કે નહીં, કેટલામો નંબર આવશે !

અને જયારે પરીક્ષા પુરી થતીને ત્યારે આનંદ આવતો ! કે હાશ ! હવે નિરાંત થઇ. પછી વેકેશનની મજા પણ માણતા.

એક એ સ્કુલની પરીક્ષા હતી. જેમાં વેકેશન તો આવતુ અને હવે આ જિંદગીની પરીક્ષા જેમાં ના તો વેકેશન છે. ના કોઇ પાકી તારીખ બસ રોજ નવા નવા પેપરો આવ્યો કરે. રોજનાં નવા નવા સવાલો સાથે, કયારેક તો સમજાય જ નહીં કે આ ચેપ્ટર છે કયું ? આ સવાલો બધા આવ્યા કયાંથી ?

આવું કાંઇ ભણ્યા જ નથી છતાં પણ બધા સવાલોના જવાબ આપવા પણ પડે છે.

નાના હતા મોટા થવાની ઉતાવળ હતી. મોટા થયા તો એમ ખબર પડી કે આના કરતા જિંદગીની આવી પરીક્ષા કરતા દસને બારમાંની બોર્ડની પરીક્ષા બહુ સારી હતી ! કેમ કે સ્કુલની પરીક્ષાઓ પુરી તો થાતી અને વેકેશનની રજા પણ આપતી.

જયારે અત્યારે ના સ્કુલ, ના ટીચર, ના પેપર, ના વેકેશન તો પણ રોજ રોજ નવી પરીક્ષા નવા નવા સંઘર્ષો સાથે જિંદગી જીવ્યે છીએ.

બસ આ જ છે. જિંદગી ખબર જ ના હોય કે કાલનું કયું ચેપ્ટર છે.

# કૈલાસ માનસરોવર યાત્રા

**સ્મિતા સુથાર**

''અદભુત અનુભવ અદભુત અનુભૂતિ''થી હૈયુ હિલોળે ચડે એવી યાત્રા એટલે કૈલાસ માનસરોવર યાત્રા.

કૈલાશ માનસરોવરનું સ્મરણ પુરાણોમાં ખૂબ જ આદર ભાવથી કરેલ છે.

કૈલાસ માન સરોવર યાત્રા એ પરમેશ્વર અને પ્રકૃતિનો અદભુત સમન્વય છે હિન્દુ ધર્મની મોટામાં મોટી યાત્રા એટલે કૈલાશ માનસરોવર યાત્રા દરેક હિન્દુ વ્યક્તિનું એક સપનું હોય છે કૈલાશ માનસરોવર યાત્રા જવાનું જે જીવ શિવમય થાય છે તે જ આ યાત્રા કરી શકે છે સત્યમ શિવમ સુન્દરમ નો સાક્ષાતકાર એટલે કૈલાશ માનસરોવર યાત્રા જ્યાં સત્ય છે ત્યાં જ શિવ છે જ્યાં શિવ છે ત્યાં જ સુંદર છે જીવનનું સત્ય શિવનો સાક્ષાતકાર અને પ્રકૃતિની સુંદરતા બધું જ એકસાથે મળે તેવી યાત્રા એટલે કૈલાસ માન સરોવર યાત્રા.

ભારત દેશ આખો તીર્થ ભૂમિનો દેશ છે આ તીર્થ ભૂમિનું મુખ્ય મથક એટલે કૈલાશ માન સરોવર કૈલાશ માનસરોવરની યાત્રા વિશ્વની સૌથી કઠિન યાત્રા છે કૈલાશ એટલે સ્વર્ગ દેવતાઓની ભૂમિ અને ભગવાન શંકરનું નિવાસ સ્થાન છે.

એશિયાનો સૌથી પવિત્ર આ પર્વત પશ્ચિમ તિબેટના દૂર દૂર ખૂણામાં અડીખમ ઉભો છે આ કાળમિંડ ખડક એ પ્રભુના સિંહાસન અને પૃથ્વીના કેન્દ્ર સમાન છે કે જ્યાં ભગવાન શંકરે પૃથ્વી પરના સ્વર્ગને કૈલાશ પર્વત તરીકે સ્વીકાર્યું છે.

સૃષ્ટિના સર્જનહાર ભગવાન વિશ્વકર્માએ કૈલાશ પર્વતનું સર્જન કરીને ભગવાન શંકરને આપ્યું અને ભગવાન શંકરે તેને પોતાના સિંહાસન તરીકે સ્વીકાર્યું. હિમાલયનું બીજું નામ શિવાલય હિમાલયના આ શિવાલયમાં દેવોના દેવ મહાદેવ કૈલાશ પર પરિવાર સાથે રહે છે હિમાલયની પર્વત હારમાળામાં ઘણા પર્વતો આવેલા છે તેમાં કૈલાશ પર્વતની અનુભૂતિ ગજબની છે.

પર્વતો તો ઘણા છે પણ જ્યારે કૈલાશ પર્વતના દર્શન કરો એટલે જાણે સાક્ષાત શિવજીના ઘરે આવ્યા નહીં ગજબની અનુભૂતિ થાય છે. કૈલાશ પર્વત જ્ઞાન જ્યોતિ જેવો સ્ફટિક અને શુદ્ધ લાગે છે કૈલાશ પર્વતનો દક્ષિણ ભાગ નીલમણી તરીકે પૂર્વ ભાગ પારદર્શક ખનીજ તરીકે પશ્ચિમનો ભાગ માણેક તરીકે અને ઉત્તર નો ભાગ સુવર્ણ તરીકે ઓળખાય છે.

કુબેરનું નગર અહીં સ્થાપિત છે ગંગા જે ભગવાન વિષ્ણુના પગના અંગૂઠામાંથી પ્રગટ થઈ ચંદ્રના વલયોમાં પ્રવેશી કૈલાસના શિખર પર ઉતરી આવી હતી.

ભગવાન શંકરે તેના ભાઈને કચડી નાખીને ગંગાને પોતાની



જટામાં સમાવી હતી. ગંગા કૈલાશ પર્વત એટલે કે શિવજીની જટામાંથી ઉતરીને કૈલાશ પર્વતની સાત વખત પ્રદક્ષિણા કરી અને ભારત અને નેપાળની ચાર મુખ્ય નદીઓ ઉત્પન્ન થઈ. કૈલાશ માનસરોવર યાત્રામાં મુખ્ય દર્શન કરવા લાયક જગ્યાઓ માનુ મુખ્ય આકર્ષણ કૈલાશ પર્વતનું છે.

કૈલાશ પર્વત ફક્ત હિંદુ ધર્મનું જ નહીં પણ બૌદ્ધ ધર્મ તેમજ જૈને ધર્મનું પણ આ સ્થાન ઉપરથી છે.

કૈલાશ પર્વત સમુદ્ર તટથી ૧૯,૫૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું છે જેનો ઘેરાવો આશરે ૪૫ સળ સુધીનો છે.

કૈલાશની ભૂમિમાં પ્રવેશતા જ ભૂમિના સ્પર્શ માત્રથી અદભુત આનંદની અનુભૂતિ સાથે અલૌકિક સૃષ્ટિમાં ખોવાઈ જવાય છે.

આપણા હિન્દુ ધર્મના ધાર્મિક ગ્રંથોમાં પણ જણાવવામાં આવેલું છે કે મનુષ્ય દેહે પૃથ્વી પરની સ્વર્ગની યાત્રા એટલે કૈલાસ માન સરોવરની યાત્રા.




કૈલાશ માન સરોવર મંત્ર દ્રષ્ટા ઋષિમુનિઓની તપોભૂમિ છે.



**માન સરોવર**

પવિત્ર માન સરોવર સમુદ્ર તટથી ૧૪,૯૫૦ ફૂટની હાઈટ પર આવેલું વિશ્વનું એકમાત્ર મીઠા જળનું સરોવર છે જેની ઊંડાઈ આશરે ૩૦૦ ફૂટ છે.

માનસરોવરની ઉત્પત્તિના ઇતિહાસમાં એવું જાણવામાં આવે છે કે બ્રહ્માજીના પુત્ર તેમજ ઋષિઓની તપસ્ચરિયા દરમિયાન તેઓને પાણીની જરૂરિયાત ઊભી થતા બ્રહ્માજીને વિનંતી કરી અને બ્રહ્માજીએ તેમની માનસિક શક્તિથી માન સરોવરનું સર્જન કર્યું. બ્રહ્માજીએ ઉત્પન્ન કરેલા માનસરોવરમાં આપણી ભારતીય સંસ્કૃતિના મુખ્ય ચાર વેદ ઋગ્વેદ યજુર્વેદ સામવેદ અથર્વવેદ તત્વોનો સમાવેશ થાય છે. માન સરોવરમાં બ્રહ્મ મુહૂર્તમાં દેવી-દેવતાઓ પ્રકાશ સ્વરૂપે સ્નાન કરવા આવે છે.

**યમદવાર**

મહાભારતમાં ઉલ્લેખ છે કે શ્રીકૃષ્ણ અર્જુન ભીમે પણ કૈલાશ માન સરોવરની પરિક્રમા કરી હતી. યમદ દ્વારથી યમરાજા પોતે યુધિષ્ઠિર માટે વાયુયાન લઈને ગયા હતા તેમ જ યમરાજા સ્વયમ શ્વાનનું રૂપ લઈને યમદવાર સુધી યુધિષ્ઠિર સાથે રહ્યા હતા. એવી માન્યતા છે કે કોઈપણ યાત્રી યમદ વારની પ્રદક્ષિણા ત્રણ વખત કરે તો તેના જન્મ જન્મ ના ફેરામાંથી મુક્તિ મળે છે.

**ગૌરીકુંડ**

કૈલાશ પર્વતની પરિક્રમાના બીજા દિવસે જમણી બાજુએ આવેલા ગૌરીકુંડ માટે એમ કહેવાય છે કે માતા પાર્વતી શિવજીને પ્રસન્ન કરવા માટે તેમજ પ્રાપ્ત કરવા માટે ગૌરીકુંડમાં સ્નાન કરીને શિવજીની તપસ ચહેરા કરી હતી.

**અષ્ટાપદ**

જૈન ધર્મના પ્રથમ તીર્થંકર આદિનાથ શ્રી શ્રી ઋષભદેવજીનો નિર્વાણ અષ્ટાપદ કૈલાશ પર થયો.

**કૈલાશ યાત્રા**

૧૪ દિવસની બસની યાત્રા નેપાળથી કરવામાં આવે છે.

કૈલાશ યાત્રા જવા માટે પાસપોર્ટ અને ચૂંટણી કાર્ડ જરૂરી છે.

યાત્રામાં જવા માટે ૧૨ થી લઈને ૭૨ વર્ષ સુધીના વ્યક્તિઓ આ યાત્રા કરી શકે છે.

નેપાળથી કૈલાસ યાત્રા જવા માટે કોઈ મેડિકલ ટેસ્ટ ની જરૂર હોતી નથી.

**હેલિકોપ્ટર યાત્રા**

૯ દિવસની હેલિકોપ્ટર યાત્રા લખનઉથી લખનઉ કરવામાં આવે છે.

૧૭ દિવસ વાયા લાહસા થઈને કૈલાસ યાત્રા કરી શકાય છે.

ચીનનું ચલણી નાણું યુવાન કાઠમંડુ થી અથવા બોર્ડર પરથી એક્સચેન્જ કરી શકાય છે.


કૈલાશ માન સરોવર યાત્રા જવા માટે આટલું અવશ્ય યાદ રાખજો.

શિવ પ્રત્યે અડગ શ્રદ્ધા અને વિશ્વાસ શિવને સંપૂર્ણ સમર્પિત થવાની ભાવના દ્રઢ સંકલ્પ અને આત્મવિશ્વાસ ત્યાગ અને સહનશીલતા અગવડોમાં સગવડો ભોગવવાની વૃત્તિ નિષ્ઠા અને પ્રમાણિકતા સતત ઓમ નમઃ શિવાય નું રટણ અને મનની નિર્બળતા દરેક યાત્રી પ્રત્યે પ્રેમ સ્નેહા સંવેદના અને ઉદારતા આ યાત્રાનો મુખ્ય હેતુ છે.

આ યાત્રા સ્મિતા સુથાર દ્વારા આયોજન કરવામાં આવે છે. વિશ્વકર્મા વંશજ માટે સ્પેશિયલ બેચ લઈ જવાની હોવાથી નીચે જણાવેલા મોબાઈલ નંબર પર સંપર્ક કરી શકાશે. લી. સ્મિતા સુથાર , અમદાવાદ, M.9327619901. Shivhari yatra ,- Ahmedabad

# અડધી સદી પછી યોજાઈ રહેલી સમાનવ ચંદ્રયાત્રા કેવી હશે?

લલિત ખંભાયતા



૧૯૬૯માં માનવીએ ચંદ્ર પર પગ મુક્યો હતો. ૧૯૭૨ સુધી એપોલો પ્રોગ્રામ હેઠળ સમાનવ ચંદ્રયાત્રાઓ યોજાતી રહી. એ વાતને અડધી સદી પછી હવે ફરીથી અમેરિકાએ સમાનવ ચંદ્રયાત્રાની તૈયારી આદરી છે.

અમેરિકી અવકાશ સંશોધન સંસ્થા 'નાસા (નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન)' આજકાલ ચંદ્રયાત્રાની તૈયારીમાં વ્યસ્ત છે. ધરતીથી સરેરાશ ૩.૮૨ લાખ કિલોમીટરના અંતરે આવેલા ચંદ્ર સુધી પહોંચવુ આમ તો જરાય અઘરું નથી. ભારત સહિત અનેક દેશોની અવકાશ સંસ્થાઓ ચંદ્ર પર પોતપોતાના મિશન ઉતારી ચૂકી છે. એમાંય અમેરિકાના નામે તો સૌ પ્રથમ સમાનવ ચંદ્રયાત્રાનો રેકોર્ડ છે. ૧૯૬૯ની ૧૯મી જુલાઈએ ચંદ્રયાત્રીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને બઝ એલ્ડ્રીન ચંદ્ર પર ઉતર્યા હતા. એ અપોલો મિશન અજાણ્યા નથી. એ પછી કોઈ દેશે ચંદ્ર પર સમાનવ ઉતરાણનો પ્રયાસ કર્યો નથી. હવે ફરીથી અમેરિકાએ ચંદ્ર પર અવકાશયાત્રીઓ ઉતારવા કમર કસી છે.

આ વખતે નાસાએ એપોલોને બદલે આર્ટેમિસ મિશન નામ રાખ્યું છે. ઘણાખરા અવકાશ મિશનની માફક આ શબ્દ પણ ગ્રીક દેવી આર્ટેમિસના નામ પરથી પસંદ કરાયો છે. આર્ટેમિસ એ વન્યજીવ અને શિકારના દેવી છે. આર્ટેમિસ નામે અત્યારે તો નાસાએ કુલ ૩ મિશન પ્લાન કર્યા છે. તેમાંથી પહેલા મિશન હેઠળ રોકેટ લોન્ચિંગનું પરીક્ષણ થઈ ચૂક્યુ છે. સમાનવ અવકાશયાત્રા રવાના કરતાં પહેલા નાસા પુરતાં પરીક્ષણો કરવા માંગે છે અને એટલે જ આર્ટિમેસ-૨ મિશન સુધી રોકેટમાં કોઈ અવકાશયાત્રીઓને સવાર નહીં કરાય.

આપણે મંગળ પર યાન મોકલી દીધું, નાસા અને અન્ય અવકાશ સંશોધન સંસ્થાઓ અન્ય ગ્રહો પર મિશન મોકલી રહી છે. મંગળ પર ખાનગી અને સરકારી સમાનવ મિશન મોકલવાના પ્લાન પણ થઈ રહ્યા છે. એ સંજોગોમાં દૂરના ગ્રહોની મુશ્કેલ યાત્રા યોજવાને બદલે નાસા આસાન લક્ષ્યાંક



એવા ચંદ્ર પર શા માટે પસંદગી ઉતારવા માંગે છે એ સવાલ સૌ કોઈને થઈ રહ્યો છે.

હકીકત એ છે કે ચંદ્ર પર પહોંચવું આસાન છે એટલે જ નાસા ભવિષ્યના અવકાશ કાર્યક્રમો માટે ચંદ્રનો ઉપયોગ લોન્ચિંગ પેડ તરીકે કરવા માંગે છે. હવેની સમાનવ ચંદ્રયાત્રા માત્ર જઈને આવવા પુરતી નથી. ચંદ્ર પર બાંધકામ થઈ શકે એ મુખ્ય ઉદ્દેશ છે. દૂરના ગ્રહની યાત્રા કરવી હોય તો ધરતી પરથી રવાના થવાને બદલે મિશન ચંદ્ર પરથી જ રવાના થાય અને તેનું કન્ટ્રોલ મથક ચંદ્ર પર બને એ નાસાનું લાંબા ગાળાનું આયોજન છે.

૧૯૬૯-૧૯૭૨ વચ્ચેની ચંદ્રયાત્રાઓ વૈજ્ઞાનિક શોધખોળ માટે ઓછી અને હુંસાતૂંસી માટે વધારે હતી. કેમ કે ત્યારે અમેરિકા અને રશિયા માટે પહેલા અવકાશમાં કોણ પહોંચે તેની રેસ ચાલતી હતી. એ રેસમાં એકબીજાને પાડી દેવાની વૃત્તિ હતી. માટે વૈજ્ઞાનિક સંશોધનના નામે ત્યારે ચંદ્ર પરથી ખડકો લવાયા હતા. પણ અડધી સદી પછી હવે ટેકનોલોજી ખાસ્સી વિકસી ચૂકી છે. હવે ફરીથી ચંદ્ર પર જવાનું થાય તો અગાઉ જે જાણકારી નથી મળી શકે એવી ઘણી માહિતી મળી શકે એમ છે અને ચંદ્રનું વાતાવરણ, સપાટી, ધૂળ-માટી વગેરેનો વધારે ઊંડાણપૂર્વક અભ્યાસ થઈ શકશે.

ચંદ્ર સુધી પહોંચવા માટે નાસાએ ખાસ રોકેટ બનાવ્યું છે, જેનું નામ સ્પેસ લોન્ચિંગ સિસ્ટમ (SLS) રખાયુ છે. આ રોકેટની ટોચ પર ઓરિયાન નામની કેપ્સ્યુલ ગોઠવાશે જેમાં અવકાશયાત્રીઓ બેસશે. અલબત્ત, એ ગોઠવણ આર્ટેમિસ-૨ મિશનથી શરુ થશે. આર્ટિમેસ-૧ મિશન નેટ પ્રેક્ટિસ તરીકે સફળતાપૂર્વક પુર્ણ થયું છે. SLS રોકેટ ૪ એન્જીનથી સજ્જ છે અને ૩૬૫ ફીટની જંગી ઊંચાઈ ધરાવે છે. એટલે અત્યાર સુધીમાં ક્યારેય ન બન્યું હોય એવુ શક્તિશાળી આ રોકેટ છે.

આ મિશનનો બીજો મહત્વનો હિસ્સો ઓરિયાન કેપ્સ્યુલ છે. રોકેટમાં સીધા જ અવકાશયાત્રીઓ બેસી ન શકે અને રોકેટ કંઈ ચંદ્ર સુધી જાય પણ નહીં. રોકેટ તો ધરતીથી અમુક ઊંચાઈ સુધી જઈને કેપ્સ્યુલને અલગ કરે અને પછી એ કેપ્સ્યુલ પોતાની રીતે ચંદ્ર સુધી પ્રવાસ કરશે. આ કેપ્સ્યુલમાં ચાર અવકાશયાત્રીઓ ગોઠવાશે, જેમાં એક મહિલા પણ હશે. મહિલા અવકાશયાત્રી મોકલવાનો એ પહેલો પ્રસંગ હશે. આ કેપ્સ્યુલ વળી ચાર ભાગમાં વહેંચાયેલી છે, જેમાં ઈમર્જન્સી એસ્કેપ સુવિધાનો પણ સમાવેશ થાય છે. ઈન કેશ ઉતરાણ વખતે અડચણ આવે તો મિલિસેકન્ડમાં મિશન અટકાવી શકાય એવી વ્યવસ્થા ગોઠવાઈ છે.

આ મિશન કેટલું સફળ થશે એ ૨૦૨૪માં ખબર પડશે. બીજી તરફ અબજો ડોલરના બજેટ પછી સફળ થવુ નાસા માટે લગભગ અનિવાર્ય છે.

## સમાનવ ચંદ્રયાત્રા : ફેક્ટ ફાઈલ

૧૯૬૯થી ૧૯૭૨ સુધી ચાલેલા એપોલો મિશન દરમિયાન કુલ ૨૪ અવકાશયાત્રીઓ ચંદ્ર પર પહોંચ્યા હતા. તેમાંથી ૧૨ ચંદ્રની સપાટી પર ઉતર્યા હતા.

સૌથી પહેલુ ચંદ્ર ઉતરાણ ૧૯૬૯ના એપોલો-૧૧ મિશન વખતે થયુ હતું. જો મિશન નિષ્ફળ જાય અને અવકાશયાત્રીઓ ચંદ્ર પર જ મૃત્યુ પામે તો શું અમેરિકી પ્રમુખે શું બોલવુ એ ભાષણ પણ તૈયાર રખાયુ હતું.

વર્તમાન મિશન આર્ટિમેસ અત્યારૂ કુલ ૩ ભાગમાં વહેંચાયેલું છે. આર્ટિમેસ-૧ પ્રેક્ટિસ માટે હતું જે લોન્ચ થઈ ચૂક્યુ છે. આર્ટિમિસ-૨ અને આર્ટિમેસ-૩ અવકાશયાત્રીઓને ચંદ્ર પર લઈ જશે. સમાનવ ચંદ્રયાત્રા દ્વારા ચંદ્ર પર અવકાશમથક બનાવવું અને ભવિષ્યમાં મંગળ સુધીની યાત્રા કરવી એ લાંબાગાળાનો ઉદ્દેશ છે.


ચંદ્રયાત્રીઓ માટેનો ખાસ પોશાક તૈયાર થઈ ચૂક્યો છે. આ પોશાક બનાવવા માટે નાસાએ AXIOM સ્પેસ કંપનીને ૧૯૦૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આ કંપનીએ થોડા દિવસ પહેલા નમૂના માટેનો સ્પેસ સૂટ તૈયાર કરી દીધો છે. અત્યારે તો આ સૂટ જગતનો સૌથી મોંઘો પોષાક છે.

# ‘ચલો, આજે કરીએ વાતનું વતેસર’

**ડો. વિષ્ણુ એમ. પ્રજાપતિ**

‘એય મારી વાત સાંભળો’ને...!’
‘પેલી વાત ખબર છે?’
‘સાંભળ, મારે એક અગત્યની વાત કરવી છે.’
‘અરે, મારી વાત તો અધુરી રહી ગઇ.’

વાત આપણાં જીવનનો અગત્યનો હિસ્સો છે. આપણી રોજિંદી વાત-વાતમાં અવનવી વાતો વારેવારે આવે છે. ક્યારેક વાતોનું અથાણું તો ક્યારેક વાતનું વતેસર થયા કરે છે. વાત કરવી આપણા સૌનો મૂળ સ્વભાવ છે. આપણને ઘણીવાર અનુભવ થયો હશે કે આપણે કોઇ સામે વિસ્તારપૂર્વક, લંબાણથી અને ભારે ઉત્સાહથી વાત કરી હોય પરંતુ થોડીવાર પછી આપણને ખબર પડે કે તેને તો આપણી વાતમાં કોઇ રસ લીધો જ નથી. રોજ બે - ત્રણ બારદાનો એવા ભટકાતા હોય છે કે તેમની વાત સાથે આપણે નાહવા નિચોવવાનો પણ સંબંધ નથી તોય તેને સારુ લગાડવા આપણે તેની વાત મરજી વિના સાંભળી લઇએ છીએ. વળી, પેલો અનુભવ પણ થયો જ હશે કે પેટમાં ઉછળકૂદ કરતી કોઇની વાત કોઇકને જોઇને બહાર કેવી કૂદી પડે છે, નહી? આપણે વિચાર અને વાણી વિશે વાંચતા કે સાંભળતા આવ્યાં છીએ પણ વાત વિશે ક્યારેય વિચારતા જ નથી. વાત આપણાં જીવનનો રોજેરોજ સ્પર્શતો હિસ્સો છે. વાત એટલે આપણી અંદર ઉદભવેલો કોઇ તર્ક કે કોઇએ ઉધાર આપેલ જ્ઞાનને ઘુંટીને આપણી બુધ્ધિથી રજૂ કરેલો શાબ્દિક બાહ્ય પ્રવાહ છે.






આપણે દરરોજ આપણી બોલાતી ભાષા દ્વારા (વાતોથી) ઘણીબધી માહિતીઓનું આદાન પ્રદાન કરીએ છીએ. વાતચીતના માધ્યમથી જ આપણે કોઇને માહિતી આપીએ છીએ અથવા તો કોઇ પાસેથી માહિતી મેળવીએ છીએ. માહિતીના સંદર્ભે આપણે જાણે કે કોઇક ડિવાઇસની જેમ પણ કામ કરીએ છીએ. મોબાઇલમાં નેટવર્ક, બ્લુટુથ, હોટસ્પોટ કે કેટલીયે એપ્લીકેશન દ્વારા આપણે માહિતીઓની આપલે કર્યા જ કરીએ છીએ. આપણે ભાષાકીય (વર્બલ) અને સાંકેતિક (નોન વર્બલ) પ્રક્રિયાથી માહિતીઓનું આદાન પ્રદાન કરી છીએ. આ માહિતીઓથી આપણી જાણકારી, આપણું જ્ઞાન અને આપણી ભાવનાત્મક જરુરિયાત સામેની વ્યક્તિ સુધી પહોંચે છે. ભાષા કે સંકેતો વગેરેની જરુરિયાત બે જુદા જુદા વ્યક્તિઓની વચ્ચે આ પ્રકારના સેતુબંધ માટે થતી હોય છે.


ઇશ્વરે દરેક જીવંત યોનિને જુદા જુદા પ્રકારે પોતાની લાગણીઓ કે પોતાના સંકેતોને અન્ય સુધી પહોંચાડવાની શક્તિ આપી છે. હા, દરેકમાં તેની મર્યાદા જુદી જુદી છે. મનુષ્ય તેની અમાપ બુધ્ધિક્ષમતાથી પોતાની લાગણીઓને વ્યક્ત કરતા શીખ્યો. મનુષ્ય જેટલી વિકસીત ભાષા બોલવાની શક્તિ અન્ય કોઇ જીવસૃષ્ટીમાં નથી. તમામ જીવો ભાષાવિહિન, ફક્ત એકાક્ષરી કે એક એકસ્વરી હોય છે. જો કે તેમની ભાષા તેમના જીવ સમુદાય માટે સમજવા માટે પુરતી છે. કુદરતની આ પણ અજાયબી છે કે જુદા જુદા પ્રાણીઓ ક્યારેય એકબીજાની ભાષાને સમજી શકતા નથી. તેમના હાવભાવથી તેમના મિજાજ કે મનોભાવ ખબર પડી શકે પણ ભાષા તો નહી જ..!

જ્યારે મનુષ્ય પાસે તો સ્વર, વ્યંજન, મૂળાક્ષરો, બારખડી સાથે સાથે શબ્દો, વાક્યો, ગીત, લઢણ વગેરે માટે વિકસીત સંરચનાઓ છે. જીભ, નાક, ગળું, તાળવું, દાંત, હોઠ, સ્વરપેટી બધું જ સરસ રીતે ગોઠવાયેલું છે. અર્થાત ભાષાકીય બોલી માટે આપણી પાસે કુદરતે સમૃધ્ધ સંરચના આપી છે. આ વાતચીતની રચના જ આપણાં વિચારો, આપણાં મંતવ્યો, સલાહો, આપણી આવડતો અને આપણાં જ્ઞાનને શબ્દોથી રજૂ કરે છે. આપણાં શબ્દોનો જન્મ આપણાં મનમાં એટલે કે દિમાગમાં થાય છે. તેનો ઉછેર જીભના મુલાયમ રસ્તામાં થાય છે અને તે બીજા કોઇના મન સુધી પહોંચી પોતાની સફર આગળ ધપાવે છે.

મોબાઇલમાં ટાઇપ કરેલો મેસેજ ફોરવર્ડ થઇ અને પછી વાયરલ થાય છે તેમ જ આપણાં શબ્દો પણ ભાષાકીય સ્વરૂપ બની ફર્યા જ કરે છે. આપણે આપણાં વિચારોને શબ્દનો દેહ ચઢાવીને બીજાના મનમાં તેની રોપણી કરી શકીએ છીએ. અન્ય કોઇ દ્વારા આપણાં મનમાં કે આપણાં દ્વારા બીજાના મનમાં કેટકેટલીયે વાતો કે વિચારોની ખેતી થતી રહેતી હોય છે. આ ખેડાણ અંગે આપણે ક્યારેય અભ્યાસ કરતા નથી પરંતુ તેનું વિજ્ઞાન અદભૂત છે. કોઇના ખિસ્સામાં આપણે એક નાનકડી ચીઠ્ઠી કે વસ્તુ મુકવી હોય, કોઇના પાકીટમાં આપણી તસવીર કે આપણી યાદો મુકવી હોય તે સહેલું નથી. તેના માટે સામે વાળાની મરજી, આપણો પરસ્પરનો વ્યવહાર, આપણી હિંમત,

બન્ને તરફની સહમતિ વગેરે જોઇએ છે. કોઇના મનમાં વાત મુકવા માટે પણ આ જ થિયરી કામ કરે છે. નામરજી એટલે કે કાન અને મન બંધ કરીને બેઠેલા સામેના વ્યક્તિમાં આપણે સાચી અને સારી વાત પણ મુકી શકતા નથી. બન્નેના એક પ્રકારના પરિચિત સંબંધ પછી જ આપણે તેની વાતોનું વજન મનમાં ઉપાડીએ છીએ. આપણે રસ્તા પર જતા હોઇએ ત્યારે આપણી આજુબાજુ અસંખ્ય વાતચીતો થતી રહેતી હોય છે. બસની ભીડ, ટ્રેનમાં કે પ્લેનમાં એકબીજા સાથે વાતો કરતા મુસાફરો, કોઇ અજાણ્યો આપણને ક્યાંક રસ્તો કે કોઇ માહિતી પૂછીને જાય પછી તેની વાતચીતો શું આપણે મનમાં રાખીએ છીએ ? અર્થાત પરિચિતની અને પોતાને વળગતી વાતોને જ આપણે સ્વીકારીએ છીએ. કેટલાક કિસ્સામાં તો વાત મુકવાની હિંમત પણ જોઇએ. બોસને સત્ય કહેવાની, શિક્ષકની ભૂલને વિદ્યાર્થી દ્વારા કહેવાની, માથાભારે શખ્સને સલાહ આપવાની વગેરે હિંમત હોય તો જ વાત મુકી શકાય છે.

વાત આપણાં જીવનનો અગત્યનો હિસ્સો છે. વાત કર્યા વિના બેસી રહેવું કેટલું મુશ્કેલ છે તે તમે કોઇવાર મૌન રહો ત્યારે જ સમજાય..! પ્રયોગો પરથી સિધ્ધ થયેલું છે કે સ્ત્રીઓ પુરુષો કરતા વધુ વાતો કરે છે અને સ્ત્રીઓ તેના મનમાં વિચાર કે કોઇ માહિતીને લાંબો સમય ટકાવી શકતી નથી. બાળકોની વાતો તર્ક વિહિન અને ફક્ત નિજાનંદ માટેની હોય છે, જ્યારે પુરુષો સંપૂર્ણપણે તાર્કિક અને પોતાની વાત ટૂંકમાં જ રજૂ કરવાના સ્વભાવવાળા હોય છે. અર્થાત ઉંમર, સ્વભાવ, લિંગ, શિક્ષણ વગેરેની અસર આપણી વાતો પર થતી હોય છે.



આપણે રોજ કેટકેટલાય પ્રકારની વાતો કરીએ છીએ. સલાહો, ગપ્પા, ભાષણ, તર્કવિતર્ક, જ્ઞાન ગોષ્ઠી, વાર્તાલાપ આ બધું વાતોના પ્રકારમાં જ આવે છે. આપણે વાત થકી જ આપણી મનની અભિવ્યક્તિ પ્રભાવીપણે કરી શકતા હોઇએ છીએ. આપણી વાત ખરેખર સામેવાળો સાંભળે ખરો ? સાંભળે તો સ્વીકારે ખરો ? આ બધું આપણને સમજાય તેટલું સરળ નથી હોતુ. એક વર્ગમાં ભણતાં વિદ્યાર્થીઓ શાંત હોય ત્યારે લાગે કે બધા જ શિક્ષકની જ્ઞાનની વાતોમાં રસ લઇ રહ્યા છે, પરંતુ દરેક વિદ્યાર્થીના મનની અંદર તો એકદમ જુદા જ પ્રકારની ગેમ ચાલતી હોય છે. બોસની વાતો, પતિ કે પત્નિની વાતો, મિત્રની વાતો, સલાહકારની સલાહો આ બધા તરફથી આવતા વાતોના ધોધને સામેનો વ્યક્તિ રોકી રહ્યો છે, ઉલેચી રહ્યો છે, વહાવી રહ્યો છે કે સંગ્રહી રહ્યો છે તે કળવું અતિ કપરુ કામ છે.

કોઇના મનમાં વાત મુકવી એ સાવ સરળ નથી. હજારો કથાઓ, સદાચારોના મોટા મોટા કાર્યક્રમો પછી પણ માણસની મૂળ પ્રકૃતિમાં શું ફેરફાર આવે છે ખરો ? આપણી વાતો અનેક પ્રકારની હોય છે. વાતો દ્વારા જ આપણે ભાવનાઓ,જરુરિયાતો અને લાગણીઓ રજૂ કરતા હોઇએ છીએ. કોઇના મનમાં આપણી વાત કેટલી પહોંચશે તેના બ્લૂટીક તો છે નહી કે આપણને ખબર પડે કે તેના મનમાં આપણી વાત પહોંચી છે, વંચાઇ છે, સ્વીકારાઇ છે અને સંગ્રહાઇ છે.

આપણે અસંખ્ય વાતો સાંભળતા આવ્યા છીએ અને તેના માટે ભગવાને આપણને મસ્તિષ્કની સૌથી ઉપર સમાંતર અને વિરુધ્ધ દિશામાં બે કાન આપ્યા છે. આપણી દરેક ઇન્દ્રિયોમાં સૌથી ઉપર ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિયનું સ્થાન છે. આપણું શરીર પણ એમ કહે છે કે પહેલા જોઇને ચકાસી અને સાંભળવાની આદત કેળવો. પછી સુંઘવાની અને પછી બોલવાની આદત હોવી જોઇએ. જો કે આપણે જીભનું કામ સૌથી પહેલા લઇએ છીએ. પહેલા બોલી નાંખવું, પછી સુંઘવું, જોવું, સાંભાળવું અને વિચારવાની ક્રિયા કરીએ છીએ. સફળ અને સુખી લોકો સૌથી પહેલા વિચારે છે, પછી તેને જુએ અને સાંભળે છે પછી સૂંઘે છે અને પછી જરુર પડ્યે બોલે છે.

આપણે મૂળ વાતની વાત પર આવીએ તો કોઇની વાત કાનમાં પ્રવેશે એટલે આપણું મન તેની અવળચંડાઇ (પોતાના સ્વભાવ પ્રમાણે) શરુ કરી જ દે છે. તેની ઇચ્છા હોય ત્યારે જ તે મનના દ્વાર ખોલે છે. નહિતર એક કાનમાં સાંભળીને બીજા કાને કાઢી નાખવામાં તે માહિર છે. જો કે કાન કોઇ વાતને બહાર ફેંકી શકતો નથી. તે ફક્ત શબ્દોને ગ્રહણ જ કરી બુધ્ધિ સુધી પહોંચાડી શકે છે. વાત આવી એટલે તેનું પૃથ્થકકરણ કરી તેને મગજના કોઇ ચોક્કસ હિસ્સામાં મુકી રાખે છે. ફરી તેને લગતા કોઇ ફરમાન છૂટે છે ત્યારે તે આળસ મરડીને દોડી પડે છે. વાતની પ્રક્રિયામાં ચિત્તનું કામ અગત્યનું છે એટલે તો તેને વાતચીત કહે છે.

એક વાત બીજાના મનમાં જાય એટલે તેના ચિત્તના સ્તર પ્રમાણે તેનું અર્થઘટન થાય છે અને વળી બીજા કોઇ પાસે જવા માટે નવું રુપ ધારણ કરે છે. આપણે ઘણીવાર અનુભવ્યું હશે કે આપણે કોઇક્ને જુદું જ કહ્યું હોય અને ત્રીજા કે ચોથા વ્યક્તિ પાસેથી પસાર થયેલી વાત તેનું મૂળ સ્વરુપ જ બદલી દેતી હોય છે. આ બદલાવનું કારણ વ-ચેટીયાઓ હોય છે. જેમ મોબાઇલમાં ફરતા મેસેજમાં વ-ચેટીયાઓ મેસેજનું સ્વરુપ બદલી નાખતા હોય તેમ જ...!

વાતની વાત હિન્દી ગીતોમાં પણ આવે જ છે, 'છોડો બેકાર કી બાતો મે કહીં બીત જાયે ના રૈના... કુછ તો લોગ કહેંગે... લોગો કા કામ હૈ કહેના...' 'આપ જૈસા મેરી જિંદગીમેં આયે તો બાત બન જાયે' અને સૌનું ફેવરીટ સોંગ 'જબ કોઇ બાત બિગડ જાયે...!' વ્યવહારમાં પણ 'વાતનું વતેસર' કરી નાંખ્યું, 'મોં માથા વગરની વાત' 'લાતોના ભૂત વાતોથી ન માને' આ બધુ વાતને કેન્દ્રસ્થાને રાખી વાતનું મહત્વ સમજાવે છે.

વાતનું વિકસતું વિજ્ઞાન શું કહે છે ? વાતો ક્યારે કરવી અને ક્યારે ન કરવી ? કોઇના મનમાં વાત ટકાવી રાખવાના રહસ્યો કયા છે? ઓછી વાતમાં પણ પ્રભાવશાળી કેવી રીતે બની શકાય? કોઇના મનમાં વાત નાંખવાની કળા તે બધું હવે પછીના લેખમાં જોઇશું. અત્યારે હું રજા લઉં છું... બીજા લેખમાં ફરી મળું ત્યાં સુધી તમતમારે વાતો કર્યે રાખો ને મજા કરો.

# વહેમમાં ન રહેવુ

**અનિલ કે. ખારેચા**



યૂક્રેનને ચપટીમાં ધુળ ચાટતુ કરી દેશુ તેવો રશિયાનો વહેમ યુધ્ધના એક વર્ષ પછી દૂર થઈ ગયો છે! જેમ કોરોના કાળ આવતા જગતમાં પોતેજ શ્રેષ્ઠ હોવાનો અમેરીકાનો વહેમ દૂર થઈ ગયો હતો ! તો વાતે વાતે ભારતને ધમકી આપતાને હંમેશા નવા શસ્ત્રો ખરીદવાની વાતો કરતા પાકિસ્તાનની પ્રજા પાસે આજે લોટ ખરીદવાના પણ ફાફા છે ત્યારે તેનો વહેમ દૂર થઈ ગયો ! એટલે કોઈપણ ક્ષેત્ર હોય વહેમમાં તો ન જ રહેવુ. અરે ગમેતે હોય ઠેકીને કહી દેવાનુ, થવુ હોય તે થાય લડી લેશુ આપણે, હજી આ તારો ભાઈ બેઠો છે આવુ કહેનારા લડાઈ વખતે બેઠાં જ હોય ! ખરા સમયે ફોન પણ ન ઉપાડે ત્યારે તેનો ફાંકો લઇ ફરનાર નો વહેમ ને હવા બંને નીકળી જાય! તો કંઈ મુંજાવાનુ નહી અડધી રાતે પણ પૈસાની જરૂર પડે તો ફોન કરવો કહેનારાને પોતાની હોમ લોનના હપ્તા ભરવા કરગરી બીજેથી મેળ કરતા જોઈએ ત્યારે આ બહુ મોટી પાર્ટી છે તેવો વહેમ દૂર થઈ જાય! સાત જનમો સાથે જીવવા મરવાની વાતો કરી ભાગી જતા ઘણા પ્રેમી પંખીડા પકડાઈ ત્યારે પ્રેમીને ગળા સુધી વિશ્વાસ હોયકે ગમેતે થાય પણ મારી જાનુ નહી ફરે પણ પોલીસ દ્વારા મોર બોલે અને પેલી પણ ફરે પછી બધા વહેમ દૂર થાય, રોજ મેલે બાબુને ખાના ખાયા? એવા ફોન કરનાર બાબુને માર ખાયા બાદ પણ ફોન ન કરે ત્યારે પેલુ પદ સમજાય કે કોઈ કોઈનુ નથી રે !

**ઈડિયટની અટારીએથી**

કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટશેતો લોહીની નદીઓ વહેસે, આમ થશે, તેમ થશે તેવુ કહેનારા જેલના સળિયા પાછળ જતા તેના બધા વહેમ દૂર થઈ ગયા! તો તાજેતરમા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મફતનુ આપીને સતા પરિવર્તન માટે મથતા કેટલાય લોકો ડીપોઝીટ જતા કયાંયના ન રહ્યા! તો પોતાને અર્થશાસ્ત્રી ગણતા અને શેરબજારમાં કેમ રોકાણ કરવુ તેવી હાલતાને ચાલતા ટિપ્સ આપતાં મહાનુભાવો આજે અદાણીના વાવાઝોડામા ગોત્યાય જડતા નથી તેમનો વહેમ અને મુડી બંન્ને ધોવાઇ ગયા! તો લગ્ન પછી ઘરવાળી ને આમ કંટ્રોલમા રખાય તેવી સલાહ આપનારાઓને લગ્ન પછી બૈરાના ચણીયા ધોતા જોયા પછી ભલભલા પુરુષોના વહેમ નીકળી જાય ! ઘણા સિક્સપેક ધરાવતા મિત્રોને જોઈ ઘણીવખત શ્રીમતીજી કહે તમારે પણ જીમ જોઈન કરવુ જોઇએ એવી લઘુતાગ્રંથિ આપણને પણ સહેજે ફિલ થાય પણ બે ચાર વર્ષ બાદ તેજ મિત્રની ગોળા જેવડી ફાંદ ગાજ બટનતોડી બહાર ડોકીયુ કરતી જોઈ ફિટનેસ બાબતે આપણેજ પાછળ રહી ગયા તેવો ઘરનાઓનો વહેમ દૂર થાય!

ભરોસાની ભેંસ પાડો જણે કે વખાણી ખીચડી દાઢે વળગે એ કહેવતો વહેમ દૂર કરવા જ બની હશે, ખોબલે ખોબલે મત આપી મનગમતી સરકાર બનાવી હોય કે હવે પાંચ વર્ષ નિરાંત પણ પછી તેજ સરકાર તેલના ડબ્બાના ત્રણ હજાર થાય તો પણ એકશન ન લે ત્યારે આપણો વહેમ દૂર થાય ! અંતે સિરિયસ વાત વૃધ્ધાશ્રમના ઓટલે બેઠેલા કેટલાયે કમનસીબ વૃધ્ધોને ભિની આંખે કહેતા સાંભળીએ કે પેટે પાટા બાંધી લાડકોડથી ઉછેરેલા સંતાનો ઢળતી ઉંમરે અહી મુકી જશે તે નહોતુ ધાર્યું ! તેમનો વહેમ દૂર થયો છે તે તેમના શબ્દોને બદલે આંશુઓથી ખબર પડી જાય!


છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭

મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭

**વાલંભિયા બોડી બિલ્ડર્સ**

દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ



જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯

ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

# દુબઈમાં હોળીની ઉજવણી

આશુ પટેલ





મારા યુનાઈટેડ આરબ એમિરેટ્સના પ્રવાસ દરમિયાન ગયા રવિવારે, ૨૦ માર્ચના દિવસે દુબઈસ્થિત ફ્રેન્ડ ડૉક્ટર વ્યાપતિ જોશીની ડિવાઇન એન્ટરટેઈનમેન્ટ કંપની દ્વારા આયોજીત હોળી ઉત્સવમાં ભાગ લેવાની તક મળી હતી. આજે ફ્રેન્ડ્સ સાથે એ વિશે થોડી વાત કરવી છે.

વ્યાપતિબેન દુબઈમાં સમયાંતરે અવનવા ઈવેન્ટસનું આયોજન કરતા રહે છે. વ્યવસાયે તેઓ આયુર્વેદિક ડૉક્ટર છે, પરંતુ તેમણે આવા કાર્યક્રમોના આયોજક તરીકે દુબઈમાં આગવી ઓળખ ઉભી કરી છે. તેમનામાં ગજબનો ઉત્સાહ છે અને કોઈ પણ એવી ઈર્ષા થઈ આવે એવી એનર્જી છે. આખા યુએઈની સૌથી મોટી હોળીનું આયોજન કરવાની દોડધામ અને સ્ટ્રેસ હોવા છતાં વ્યાપતિબેન અને તેમના પતિ પ્રશાંતભાઈ મને હોટલમાં મળવા આવ્યાં હતાં અને તેમણે તેમના હોળી ઉત્સવમાં હાજરી આપવાનું આમંત્રણ આપ્યું હતું (મેં તેમને કહ્યું હતું કે તમારે ઇવેન્ટની તૈયારીઓનું ટેન્શન હોય એ સમજું છું એટલે તમે મને મળવા આવવા માટે અહીં સુધી ધક્કો ખાતા નહીં. જો કે એમ છતાં પણ તેઓ સમય કાઢીને ખાસ મને મળવા આવ્યાં હતાં. તેમણે કહ્યું, 'તમે દુબઈમાં હો અને તમને મળવા ના આવીએ એ ચાલે જ નહીં.' એ વખતે બીજી વાતો કર્યા પછી તેમણે મને કહ્યું કે તમારા મિત્ર ભાર્ગવ પટેલના અનોખા શો 'સથવારો શ્રી રાધેશ્યામ' અમારે દુબઈના ગુજરાતીઓને બતાવવો છે. મેં તેમની ભાર્ગવભાઈ સાથે તેમની વાત કરાવી અને તેમણે ત્યાં જ તેમની સાથે એ શો યોજવાનું નક્કી કરી નાખ્યું).

તેઓ આવા કાર્યક્રમોનું ભલે પ્રોફેશનલી આયોજન કરતા હોય, પણ તેઓ આવા કાર્યક્રમો થકી વિદેશી ધરતી પર ભારતીય સંસ્કૃતિ ટકાવી રાખવાનું પ્રશંસનીય કામ કરે છે. દુબઈમાં શનિ-રવિ રજા હોય છે એટલે તેમણે રજાના દિવસે એટલે કે રવિવારે (દુબઈમાં પણ હવે શનિવાર અને રવિવારે રજા હોય છે) હોળી ઉત્સવનું આયોજન કર્યું હતું.

વ્યાપ્તિબેનના સ્વજન, દુબઈમાં નાટ્યપ્રવૃત્તિ કરતા એક્ટર-ડિરેક્ટર, ડૉક્ટર શૈલેષ ઉપાધ્યાય (તેઓ પણ ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરે છે) મને ઉમળકાભેર હોટલથી લેવા આવી ગયા (તેમના વિશે પણ ક્યારેક મિત્રો સાથે વાતો શેર કરવી છે). હું શૈલેશભાઈ સાથે વ્યાપતિબેનના હોળી ઉત્સવમાં ગયો ત્યારે ત્યાં હજારો માણસોને એકસાથે હોળી રમતા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો. દુબઈમાં હોળીની આવી અને આટલી મોટી કક્ષાની ઉજવણી થતી હશે એની મને કલ્પના પણ નહોતી. સ્વાભાવિક રીતે વ્યાપ્તિબેન અને પ્રશાંતભાઈ તનાવ હેઠળ હોય એટલે મેં પ્રશાંતભાઈને કહ્યું કે 'આપણે હાજરી પુરાવીને, વ્યાપ્તિબેનને અને પ્રશાંતભાઈને 'હાય' અને 'બાય' કહીને નીકળી જશું. મેં વ્યાપ્તિબેનને કહ્યું હતું કે હું થોડી વાર માટે તમારા હોળી ઉત્સવમાં હાજરી આપી જઈશ.'

એ સાંભળીને શૈલેશભાઈ હસ્યા. તેમણે કહ્યું, 'તમે આ રીતે નહીં જઈ શકો. તમે આજે અતિથિવિશેષ છો. વ્યાપ્તિબેને તમારા સન્માનનું આયોજન કર્યું છે!'

તેઓ મને સ્ટેજ પાસે લઈ ગયા. વ્યાપ્તિબેને અમને જોયા અને તેઓ સ્ટેજના છેડે અમારી પાસે આવ્યા. તેમણે અમને આવકાર્યા અને બે મિનિટ રાહ જોવાનું કહ્યું. એ પછી તેમણે મ્યુઝિક અટકાવીને ખેલૈયાઓને થોડીવાર માટે બ્રેક લેવા વિનંતી કરી અને મારો પરિચય આપ્યા પછી મને સ્ટેજ પર બોલાવીને મારું સન્માન કર્યું. તેમણે મારા માટે ખાસ મારા નામ સાથે બનાવેલો મેમેન્ટો મને અર્પણ કર્યો. એ વખતે સ્ટેજ પર ચીફ ગેસ્ટ તરીકે અબુધાબીના શેખ મોહમ્મદ બીન અમદ બીન હમદાન અલ નાહ્યાનની પ્રાઈવેટ ઑફિસના સી.ઈ.ઓ. અહમદ એલ્મતવલી પણ ઉપસ્થિત હતા (એ ઇવેન્ટમાં હિઝ એક્સેલન્સી સુહેલ મોહમ્મદ અલ ઝરૂનીએ પણ હાજરી આપી હતી). તેમની સાથે તેમણે મારો પરિચય કરાવ્યો.

મારું સન્માન કર્યા પછી વ્યાપતિબેને ત્યાં ઉપસ્થિત હજારો લોકો સમક્ષ અમારી નવી ફિલ્મનું પ્રમોશન પણ કરી દીધું. તેમણે કહ્યું કે 'આશુભાઈ જેના ક્રિએટિવ પ્રોડ્યુસર અને સ્ક્રીનપ્લે રાઈટર છે અને જેનું દિગ્દર્શન જાણીતા બોલીવુડ ડિરેક્ટર જયંત ગીલાટરે કર્યું છે એ અનોખી ફિલ્મ 'હલકી ફુલકી' હવે એમેઝોન પર આવી ગઈ છે. હું તમને બધાને એ ફિલ્મ જોવા માટે અનુરોધ અને ભલામણ કરું છું.'

વ્યાપ્તિબેને આયોજિત કરેલાં એ હોળી ઉત્સવમાં દસ હજારથી વધુ ભારતીયોએ (જેમાં અડધોઅડધ ગુજરાતી હતા) હાજરી આપી હતી. એ ઇવેન્ટમાં તેમણે દુબઈમાં સૌ પ્રથમ વાર વોટર મ્યુઝિક ડ્રમ્સ પણ ઈન્ટ્રોડ્યુસ કર્યા હતા.

# સમસ્ત લુહાર સમાજ દ્વારા ડે. મેયર કંચનબેન સિદ્ધપુરાનુ અદકેરુ સન્માન

પ્રવીણ ગજજર





## લુહાર સમાજ સર્વ સમાજને સાથે રાખી કામ કરે છે : મેયર શ્રી પ્રદીપ ડવ



## સમાજલક્ષી કામ માટે મારી ઓફીસના દરવાજા ખુલ્લા છે : ઉદય કાનગડ

## સમાજને પ્રતિનિધિત્વ મળ્યુ તેનો ગર્વ છે : કંચનબેન સિદ્ધપુરા



રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુકત ડેપ્યુટી મેયર કંચનબેન સિદ્ધપુરાનું સન્માન કરવાનો એક કાર્યક્રમ તા. ૩૧-૩-૨૩ના રોજ સમસ્ત લુહાર સમાજ દ્વારા ભાવનગર રોડ પર પરેશભાઇ પરમાર (એમ. ટેક ઇન્ડસ્ટ્રીઝ)ના ફાર્મ હાઉસ કેશવબાગ ખાતે યોજવામાં આવ્યો હતો. મેયર પ્રદિપભાઇ ડવ અને ધારાસભ્ય ઉદય કાનગડની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં અમદાવાદ લુહાર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહયા તા.

શ્રી લુહાર હિતેચ્છુ મંડળના પ્રમુખ રાજુભાઇ સિદ્ધપુરએ સ્વાગત પ્રવચનમાં કંચનબેન સિદ્ધપુરાના જીવન સંઘર્ષને બીરદાવી જણાવ્યું હતું કે રાજકોટના ઇતિહાસમાં પ્રથમવાર કોર્પો.ના મેયર જેવુ મહત્વનું આપણા સમાજને મળ્યું છે. કંચનબેનની ડે. મેયર પદે નિમણુંક સમાજ માટે ગૌરવપ્રદ ઘટના છે.

સ્વાગત પ્રવચન બાદ મેયર પ્રદિપભાઇ ડવનું સ્વાગત-સન્માન રાજુભાઇ સિદ્ધપુરાએ અને ધારાસભ્ય ઉદય કાનગડનું સ્વાગત સન્માન પ્રવીણભાઇ આસોડીયાએ કર્યું હતું. બાદમાં સૌરાષ્ટ્ર સમસ્ત લુહાર જ્ઞાતિ પ્રગતિ મંડળના પ્રમુખ કમલેશભાઇ સિદ્ધપુરા, શ્રી લુહાર હિતેચ્છુ મંડળના પ્રમુખ રાજુભાઇ સિદ્ધપુરા, મચ્છુ કઠીયા લુહાર જ્ઞાતિ મંડળના પ્રવીણભાઇ આસોડીયા અને લુહાર સેવા સમાજના પ્રમુખ યોગેશભાઇ સોલંકીએ ડે. મેયર કંચનબેન સિદ્ધપુરાને સન્માનપત્ર આપી શાલ ઓઢાડી અદકેરુ સન્માન કર્યું હતું.

આ પ્રસંગે અશોકભાઇ રાઠોડ (તિરૂપતિ) કંચનબેન સિદ્ધપુરાને વિશ્વકર્મા દાદાની ધ્વજા અર્પણ કરી સન્માન કર્યું હતું. જયારે વિશ્વકર્મા વિશ્વ પરિવાર વતી કંચનબેન સિદ્ધપુરાને 'મારા દાદા શ્રી વિશ્વકર્મા' નામનુ લઘુ વિશ્વકર્મા પુરાણ આપી સન્માન કર્યું હતું. જયારે દેવખણી જયતિના પ્રવીણભાઇ કવૈયાએ કંચનબેન સિદ્ધપુરાને ટ્રોફી અર્પણ કરી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે સ્ટેજ પર અમદાવાદ લુહાર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટીઓ પરસોતમભાઇ પિત્રોડા, કાંતિભાઇ પીઠવા, મનસુખભાઇ પિત્રોડા, હસુભાઇ સોલંકી, મુકેશભાઇ પંચાલ, હસુભાઇ પરમાર

## પરેશભાઇ પરમારના ફાર્મ હાઉસ 'કેશવ બાગ' ખાતે યોજાયો સન્માન સમારોહ





ઉપરાંત જેન્તીભાઇ પરમાર, રામભાઇ ગોહીલ (લંડન), જયસુખભાઇ મકવાણા (દુબઇ), પ્રવીણભાઇ પરમાર (રીટા. પીએસઆઇ), અશોકભાઇ રાઠોડ, કોર્પોરેટર નિલેશભાઇ જલુ, નગરસેવિકા રૂચિતા જોષી, પૂર્વ ડે. મેયર વલ્લભભાઇ દુધાત્રા, અશ્વિનભાઇ મોલીયા, ભાર્ગવભાઇ મિયાત્રા, કિશોર રાઠોડ વગેરે બિરાજમાન હતા. જેઓનું સ્વાગત સન્માન પરેશભાઇ પરમાર, રાજુભાઇ હરસોડા, મનસુખભાઇ ડોડીયા, ભરતભાઇ પિત્રોડા, દિલીપભાઇ ઉમરાડીયા, મનસુખભાઇ સોલંકી, ચંદુભાઇ ડોડીયા, મનિષભાઇ મારૂ, ડો. એસ.એસ. પરમાર, ભુપતભાઇ હરસોરા, હિતેશભાઇ પિત્રોડા, જગદીશભાઇ મકવાણા, વિલાસભાઇ પિત્રોડા, ભરતભાઇ મારૂ, પ્રવીણભાઇ સિદ્ધપુરા, સુરેશભાઇ પરમાર વગેરેએ કર્યું હતું.



આ પ્રસંગે રાજકોટના મેયર શ્રી પ્રદીપભાઇ ડવએ પ્રાસંગિક ઉદબોધનમાં કહયુ કે ભારતીય જનતા પક્ષ તમામ નાની જ્ઞાતિઓનું પણ ધ્યાન રાખે છે અને હોદ્દા આપે છે. કંચનબેન સિદ્ધપુરાની ડે. મેયર પદે નિયુકિત તેનું ઉદાહરણ છે. કંચનબેન સિદ્ધપુરા મળતાવડા અને સમાજ સાથે સતત સંપર્કમાં રહેતા આવ્યા છે. તેમનું સમાજમાં સારૂ યોગદાન છે. ૨૫ વર્ષના સંઘર્ષ બાદ તેઓ આ સ્થાને પહોંચ્યા છે.

લુહાર સમાજ સર્વ સમાજ સાથે હંમેશા જોડાયેલા રહયો છે અને સમાજને ઉપયોગી થતો આવ્યો છે. અને સમાજ કઇ રીતે પ્રગતિશીલ ને તે માટે ચિંતિત રહે છે. આ સમાજના કોઇપણ કામ માટે હું સાથે જ હોવાનું તેમણે જણાવ્યું હતું.

ડે. મેયર કંચનબેન સિદ્ધપુરાએ સન્માના પ્રત્યુતરમાં કહયુ કે સમાજે આટલુ સરસ બહુમાન કર્યું તેનો મને ગર્વ છે. આ સમાજે મને આ સ્થાને મુકી છે. સમાજનું ઋણ કદીએ ભુલીશ નહીં. તેમણે કહયુ કે ભાજપે આપણા સમાજની કદર કરી મારી વર્ષોની સેવાની કદર કરી ડે. મેયર તરીકે મારા નામની જાહેરાત થઇ ત્યારે મારી આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતા. લુહાર સમાજને આવુ પ્રતિનિધિ ગૌરવપ્રદ બાબત છે.

## પ્રવીણ ગજજરે સમાજ માટે ઘણુ કામ કર્યું તેનો સાક્ષી છું : ઉદય કાનગડ

ધારાભસ્ય ઉદય કાનગડે કહયુ કે, લુહાર સમાજ કાયમ ભાજપ સાથે રહયો છે. આ સમાજ દરેક સમાજને સાથે રાખી આગળ વધે છે તે ગૌરવની વાત છે. તેમણે કહયુ કે, ભાજપ નાની જ્ઞાતિની પણ કદર કરે છે. અને દરેક સમાજને પ્રાધાન્ય આપે છે તેમણે સમાજના કોઇપણ કામ માટે પોતે તત્પર રહેશે. કોઇપણ જાતના કામ માટે પાણીના વોર્ડ મારા કાર્યાલયે ગમે ત્યારે આવી શકે છે.

આ પ્રસંગે વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજરની ઉપસ્થિતિનો ઉલ્લેખ કરી આનંદ વ્યકત કરી કહયુ કે, અમે વર્ષોથી પરિચયમાં છીએ વિશ્વકર્મા સમાજના સંગઠન માટે તેઓએ ઘણી ચિંતા કરી છે. તેનો હું સાક્ષી છું તેની સાથે વર્ષો સુધી સાથે કામ કર્યું છે. જેનો આનંદ છે.

આ પ્રસંગે મુકેશભાઇ પંચાલે અમદાવાદમાં સમાજ દ્વારા થતા વિકાસની માહિતી આપી હતી. નિલેશભાઇ જલુ, પ્રવીણભાઇ કવૈયા, જયંતીભાઇ પરમાર વગેરેએ પણ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન યોગેશ સોલંકી અને મંગેશ મિસ્ત્રીએ કર્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ પ્રિતી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

# ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી-જુનાગઢના આસીસ્ટન્ટ ડાયરેક્ટર ડી.ડી. બકરાણિયા નિવૃત્ત થયા

જયંતીભાઇ નગેવાડિયા

જયારે કોઇપણ ખુન, લુંટ, ફાયરીંગ, મોટા અકસ્માત સહિતની મોટી ઘટના-બનાવ બને ત્યારે પોલીસ તપાસ કરે છે. પરંતુ મોટી ઘટના હોવાથી પોલીસ પોતાના જ ગૃહ વિભાગના જ એક વિભાગ એવા ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના અધિકારીને જાણ કરે છે અને ઘટનાની વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ કરાવી અને પોલીસ પોતાની તપાસમાં તેનો રીપોર્ટનો ઉપયોગ પુરાવારૂપે કરે છે. તો આજે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી-જુનાગઢના તાજેતરમાં નિવૃત્ત થયેલા આસીસ્ટન્ટ ડાયરેક્ટર એવા ડી.ડી. બકરાણિયાની વાત કરવી છે.



તાજેતરમાં નિવૃત થયેલા બકરાણિયા સાહેબની વાત કરીએ તો બકરાણિયા સાહેબનો અભ્યાસ બી.એસ.સી. ફિઝીકસ ફર્સ્ટકલાસ સાથે વિદ્યાનગરથી પાસ કર્યું હતું. તેઓનું પુરૂ નામ ધર્મેશકુમાર ધીરજલાલ બકરાણિયા છે. પરંતુ તેઓ ઓફિસમાં ડી.ડી. બકરાણિયાસાહેબથી ઓળખાય છે. બરકાણિયા સાહેબ ૧૯૮૮માં ફોરેન્સીક લેબોરેટરી-અમદાવાદ ખાતે બેલેસ્ટીક વિભાગમાં લેબોરેટરી ટેકનીશ્યન તરીકે જોડાયા હતા. આ લેબોરેટરી ટેકનીશ્યન તરીકે તેઓએ લેબોરેટરીમાં આવતા ટેસ્ટ વૈજ્ઞાનિક, પૃથ્થકરણ કરી તેનો રીપોર્ટ તૈયાર કરવાનો તેમજ લેબોરેટરીના સાધનો, યંત્રોની જાળવણી, દેખરેખ રાખવાની કામગીરી હતી. ત્યારબાદ તેઓની પ્રથમ ટ્રાન્સફર પ્રમોશન સાથે જુનાગઢ ખાતે સાયન્ટિફીક આસીસ્ટન્ટ તરીકે થઇ. આ પોસ્ટમાં તેઓએ પોતાના ઉપલા અધિકારીને મદદરૂપ થવાનું તેમજ ઇન્ચાર્જ અધિકારી તરીકે સ્વતંત્ર પૃથ્થકરણ કરવાનું તેમજ પોતાની રેન્જમાં આવતા જીલ્લામાં બનતી ઘટનાઓમાં પોલીસ અધિકારીઓ સાથે ઘટના-ગુના સ્થળની મુલાકાત લઇ પરિક્ષણ કે નિરીક્ષણ કરી રીપોર્ટ આપવાનો તેમજ તેનો રીપોર્ટ તૈયાર કરેલ હોય તેનો કોર્ટમાં રજુ કરવાની કામગીરી પણ કરવાની રહેતી.

બાદમાં ૨૦૦૮માં જીપીએસસી પરીક્ષા પાસ કરતા ગેઝેટડ ઓફીસર કલાસ-૨ની સાયન્ટિફીક ઓફીસર તરીકે સુરત ખાતેની સમગ્ર દક્ષિણ ગુજરાતમાં દરેક જીલ્લાઓમાંથી આવતા ગુનાઓ અંગેના પુરાવાનું વૈજ્ઞાનિક પૃથ્થકરણ કરી રીપોર્ટ તૈયાર કરવાનો તેમજ ગુનાની ઘટના-સ્થળની વિઝીટ કરી પરિક્ષણ-નિરીક્ષણ કરી રીપોર્ટ કરવાનો ઉપરાંત ભૌતિક શાસ્ત્ર વિભાગના વિભાગીય અધિકારી તરીકેનો સ્વતંત્ર હવાલાની કામગીરીની ફરજ પણ બજાવેલ હતી.

૨૦૧૧માં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની બીજા ક્રમની પ્રાદેશિક ફોરેન્સીક લેબોરેટરી તૈયાર થયેલ હોય તેનું ડેવલપમેન્ટ કરવાનું હોવાથી તેના ભાગરૂપે કામગીરી કરવાની હોવાથી બકરાણિયા સાહેબની ટ્રાન્સફર રાજકોટ ખાતે કરવામાં આવેલ. રાજકોટ ખાતે ચાર વર્ષ ફરજ બજાવેલ જે દરમ્યાન ભૌતિક શાસ્ત્ર વિભાગનું ડેવલોપમેન્ટની કામગીરી તેમજ ગુજરાત સરકારના ગૃહ ખાતાના એક ખાસ પ્રોજેક્ટ એચ.ડી.આઇ.ટી.એસ. ઇ-ગુજકેપના ઇમપ્લીમેન્ટેશનની કામગીરીની ફરજ બજાવેલ. આ ઇ-ગુજકેપ પ્રોજેક્ટ સાથે બકરાણિયા સાહેબ શરૂઆતના તબક્કાથી જોડાયેલા હતા અને ખુબ જ સુંદર કામગીરી બજાવેલ.

બાદમાં ૨૦૧૪માં ફરી ઇન્ચાર્જ આસિસ્ટન્ટન ડાયરેક્ટર વર્ગ-૧ના નિયમિત હવાલા સાથે જુનાગઢ ખાતે ટ્રાન્સફર થયેલ. જેમાં તેઓની કામગીરીમાં લેબોરેટરીમાં આવતી તપાસનું પૃથ્થકરણ કાર્ય ઉપરાંત છ જીલ્લાની રેન્જના ભૌતિકશાસ્ત્ર વિભાગના વિભાગીય અધિકારી તરીકેની કામગીરી ઉપરાંત આજ રેન્જમાં એન્ટીકરપ્શન વોઇસ એનાલિસિસની કામગીરી એક ખાસ વોઇસ ટેસ્ટના મશીનમાં કરતા તેમજ પૃથ્થકરણ અધિકારી તરીકેની ફરજ બજાવેલ. આ સમયગાળામાં આશરે

**આગ, અકસ્માત, ખુન, ફાયરીંગ જેવા ક્રિમીનલ ગુનાઓનું વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ અને નિરીક્ષણની કપરી ફરજની કામગીરી બજાવી**

એક વર્ષ સુધી ઓફિસના જીઇએમ ગર્વમેન્ટના ઇ-માર્કેટના ઓનલાઇન પરચેઝ અધિકારી તરીકે તેમજ છ માસ સુધી ઓફિસ, સુપ્રિટેન્ડેન્ટ તરીકે ઓફિસના વહિવટી અધિકારી અને નાણા અધિકારી તરીકેની વધારાની કામગીરી પણ કરેલ.

૨૦૨૧ના અંતમાં પોરબંદર જીલ્લાના મોબાઇલ ઇન્વેસ્ટીગેશન અધિકારી તરીકે ટ્રાન્સફર થતા પોરબંદર જીલ્લા તેમજ ગીર-સોમનાથ જીલ્લામાં મોબાઇલ ઇન્વેસ્ટીગેશન અધિકારી તરીકે જીલ્લામાં બનતા ગુનાઓની ઘટના સ્થળની મુલાકાત લઇ તપાસ નિરીક્ષણ કરી રિપોર્ટ કરવાની કામગીરી બજાવેલ.

બાદમાં ૨૦૨૨ના અંતમાં સરકારશ્રી દ્વારા પ્રમોશન સાથે જુનાગઢ ખાતે આસિસ્ટન્ટ ડાયરેકટર કલાસ-૧ ઓફિસર તરીકે નિમણુંક થતા કાયમી હોદ્દાના વિભાગના અધિકારી તરીકેની મહત્વની અને જવાબદારી ભરી કામગીરી બજાવેલ. સાથે સાથે જુનાગઢ લેબોરેટરીના રેન્જ ઓફિસના વડા તરીકે નાયબ નિયામકશ્રીની તેમજ રેન્જમાં ફિંગરપ્રિન્ટ એકસપર્ટ વિભાગના કંટ્રોલ અધિકારી તરીકેની વધારાની ફરજ કામગીરી બજાવેલ અને આજ હોદ્દા પર ફેબ્રુઆરી ૨૦૨૩માં વયમર્યાદાના કારણે સરકારની આ ફરજમાંથી ડી.ડી. બકરાણિયા સાહેબ નિવૃત્ત થયેલ છે.

બકરાણીયા સાહેબ સાથેની રૂબરૂ મુલાકાતમાં તેઓએ ઘણી રસપ્રદ વાતો જણાવી હતી. તેઓએ જણાવ્યું હતું કે તપાસમાં અમારે ફાયરીંગ, લુંટ, ખુન અકસ્માત જેવી ઘટનાઓમાં તપાસમાં ફાયરીંગ થયું હોય તો તે કંઇ દિશામાંથી ફાયરીંગ થયું. કંઇ પિસ્તોલ હતો, ગોળીની સાઇઝ કઇ હતી. કેટલા ફુટથી ફાયરીંગ થયું હતું. જેવી અનેક બાબતોની તપાસ કરવાની હોય છે. ખુન થયું હોય તો છરી, ચાકુ કે અન્ય હથિયાર પરના ફિંગરપ્રિન્ટ લેવાના હોય અને આરોપી પકડાય ત્યારે ફિંગરપ્રિન્ટ લઇ તેના ફિંગર પ્રિન્ટ મેચ કરી અને તેના રીપોર્ટ તૈયાર કરવાનો હોય, આગ લાગી હોય તો આગ લગાડાયેલ હોય તો આગ કેરોસીન, પેટ્રોલ, ડીઝલ કે અન્ય કયાં પદાર્થથી આગ લગાડાયેલ છે તેની તપાસ કરવાની હોય, કોઇ પુલ દુર્ઘટના કે તુટવાની ઘટના વખતે કંઇ ક્ષતીને કારણે દુર્ઘટના બની તેની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ તપાસ કરી તેનો રીપોર્ટ કરવાનો હોય. વોઇસ એનાલિસીસના કોર્ડીનેટરની કામગીરીમાં જો કોઇ સરકારી કર્મચારી કે અધિકારીએ ફોન કે મોબાઇલ કરી લાંચની માંગણી કર્યાની ફરિયાદ હોય તો આરોપીના રેકોર્ડીંગ કરેલ અવાજનો ટેસ્ટ લઇ અને આરોપીના અવાજનો ટેસ્ટ લઇ બંને રેકોર્ડીંગના અવાજ મેચ થાય છે કે નહીં તેનો રિપોર્ટ કરવાનો હોય જો અવાજ મેચ થતો હોય તો લાંચ માગ્યાનું સાબિત થાય છે. કોઇ આરોપીએ ફોનમાં ખુનની ધમકી આપી હોય તો પણ આ રીતે જ અવાજનું ટેસ્ટ કરી તપાસ કરવામાં આવે છે.

ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની ફરજ ફકત ૧૦ થી ૬ની ઓફિસની જ નોકરી નથી હોતી પરંતુ ૨૪ × ૭ એટલે ચોવીસે કલાક ફરજ માટે બંધાયેલા હોય છે. અડધી રાત્રે કોઇ બનાવ બને અને પોલીસને તેની તપાસમાં ફોરેન્સીક તપાસની માટે જરૂર પડે એટલે અમોને પોલીસ અધિકારીનો ફોન આવે અને પોલીસની ગાડી તેડવા આવે એટલે અમારે ઘટના સ્થળે તુરંત જવું પડે. ઉપરાંત અમોએ ફરજ દરમ્યાન કરેલ તપાસનો રીપોર્ટ પોલીસ ખાતાએ કોર્ટમાં રજુ કર્યા હોય એટલે કોર્ટમાં કેસ ચાલે ત્યારે તારીખ હોય અમારે તપાસકર્તા અધિકારી તરીકે કોર્ટમાં જજ સાહેબ સમક્ષ હાજર થવું પડે અને જણાવવુ પડે કે આ તપાસ મેં જ કરેલ અને રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણેનો ગુનો બન્યો હતો.

ઉપરાંત તેઓની વીવીઆઇપી બંદોબસ્તની ફરજ પણ બજાવેલ જેમાં ફરજના જીલ્લાની હદમાં વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ જેવા વીવીઆઇપી આવે ત્યારે પ્રોટોકોલ પ્રમાણે સરકારી હોસ્પિટલમાં એક આઇસીયુ રૂમ તૈયાર રાખવાનો હોય છે. જેમાં જો વીવીઆઇપી ઉપર કોઇ હુમલો કે ફાયરીંગ જેવી ઘટના બને તો તે ગોળી કંઇ હતી કંઇ રીતે હુમલો થયો જેવી અનેક વિધ તપાસ કરવાની ફરજ હોય છે. જે પણ બજાવેલ છે.

બકરાણીયા સાહેબ તેઓની ફરજ-નોકરીના વર્ષ દરમ્યાન તેઓની શ્રેષ્ઠ અને સંનિષ્ઠ કામગીરી બદલ ખાતાના વડા શ્રી મહાનિયામક ડાયરેકટર જનરલ દ્વારા ખાસ સર્ટીફીકેટ પણ એનાયત થયેલ છે. ઉપરાંત ગાંધીનગર ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઓન સાઇબર સિકયુરીટીમાં તેઓએ ડેલીગેટ તરીકે ભાગ લીધો હતો. ઉપરાંત કામગીરી દરમ્યાન વિવિધ કમિટીની કામગીરીની ફરજ પણ બજાવેલ છે.

બકરાણિયા સાહેબના લગ્ન રાજકોટના લલિતભાઇ પરસોતમભાઇ નગેવાડિયાની પુત્રી અલ્કાબેન સાથે થયા છે અને તેઓને સંતાનમાં એક પુત્ર વત્સલ છે જે હાલ રાજકોટમાં ફિઝીયોથેરાપીસ્ટ તરીકેનો અભ્યાસ કરે છે. બકરાણિયા સાહેબના સ્વ. પિતાશ્રી ધીરૂભાઇ બકરાણિયા પણ જુનાગઢ ડિસ્ટ્રીકટ બેંકમાં ફરજ બજાવતા હતાં.

ડી.ડી. બકરાણિયા સાહેબ ખુબ જ શાંત અને સૌમ્ય સ્વભાવના છે. હજુ પણ કંઇક ને કંઇક નવું નવું જાણવાનો શોખ ધરાવે છે. તેઓએ પોતાની નોકરીના વર્ષોમાં ખુબ જ નિષ્ઠા અને ખંતપૂર્વક ફરજ બજાવેલ છે. ઓફિસની કામગીરી કે ફિલ્ડની તપાસની કામગીરીમાં સમય સામે કયારેય જોયું નથી. અને હવે વયમર્યાદાને કારણે નિવૃત થતા પોતાના વતન જુનાગઢ ખાતે પરિવાર સાથે નિવૃત્તજીવન વિતાવવાનો પ્રારંભ કરેલ છે.

: વ્યક્તિ વિશેષ :

# બચુભાઈ વી. વડગામા

## (મેમાણાવાળા)

● મહેન્દ્ર બચુભાઈ વડગામા



એક સાધારણ ગ્રામીણ વ્યક્તિને વિશેષ બનાવવામાં જેનો અસાધારણ ફાળો છે એવું નાનુ સરખું ગામ મેમાણા, જામનગર જીલ્લાના લાલપુર તાલુકાનું ગામ.

પ્રિય મોરારીબાપુના શબ્દોમાં કહીએ તો અભાવ તો નસીબવાળાને જ મળતો હોય છે તો એવા નસીબવાળા હતા પિતાજી. હા, એ નસીબે જ એમને કર્મશીલ જીવન આપ્યું. ગામ મેમાણા દરબારોનું ગામ એટલે શિસ્ત, મર્યાદા અને સ્વમાનો ત્રિવેણી સંગમ.

અભાવના કારણે દાદાને અનેકવાર આફ્રીકાની મુસાફરી રોજગારી માટે કરવી પડતી. આ કારણે છ વર્ષની ઉંમરે પિતાજીનું મુખ જોવા મળ્યું. સાતમે વર્ષે શાળામાં પ્રવેશ મળ્યો પરંતુ ગામડામાં તો પાંચ ધોરણ સુધીની શાળા હોવાથી પાંચ ચોપડી જ ભણી શકાણું.

ભણવાનો ગજબ શોખ હોવાથી, બહારગામ રહીને શહેરમાં ભણતા વિદ્યાર્થી મહોબતસિંહ સાથે મૈત્રી થઇ. તેમની સાથે રહીને વાંચનનો શોખ કેળવાયો. ગામમાં બાકીના મિત્રોને હસ્તલિખીત સામાયિક બહાર પાડવા પ્રેર્યા. પાંચ મિત્રોએ મળી દર મહિને ‘વિજળી’ નામનું હસ્તલિખિત સામયિક બહાર પાડયું. જેમાં બે મિત્રો સમાચાર એકઠા કરે, બે મિત્રો સમાચારનું લેખન કરે અને એક વિતરણ સંભાળે. ‘મુંબઇ સમાચાર’ જેવા સાપ્તાહિક મંગાવે, ‘સોવીયેત રસીયા’ માસિક મંગાવે અને જ્ઞાન પીપાસા બુઝાવેને ગમતાનો ગુલાલ કરે. આ બધી પ્રવૃત્તિ નવરાશની પળોમાં જ થઇ શકે. કારણ કે મોટા થયા પછી જીવન નિર્વાહ માટે સુથારી કામ તો કરવું જ પડે તેથી ભણતર પુરૂં થયા પછી તુરંત ઘડતરમાં લાગી ગયા. પરંતુ શોખના વિષયો પુરા કરવા મિત્ર વર્તુળ મોટું થતું ગયું અને સાથે સાથે સામાજીક પ્રવૃતિ વિકસતી ગઇ.

જુવાનીમાં પ્રવેશ થતાંની સાથે જ ગૃહસ્થનો ગાળીયો દાદાએ પિતાજીના ગળામાં નાખી દીધો. હવે જવાબદારી વધી પણ આવક ઓછી હોવાથી ગામ બદલવું પડયું અને બાજુની સ્ટેટ હાઈવે જામનગર પોરબંદર રોડ ઉપર જુની હરીપર ગામે નિવાસ કર્યો ત્યાં નકશીકામમાં માસ્ટરી મેળવી. પટારા, કબાટ, નકશીવાળા બારી દરવાજા વગેરે બનાવી નામના મેળવી સાથે સાથે શિલ્પ શાસ્ત્રમાં રસ હોવાથી ગામના શંકર હરી રામેશ્વર મંદિરનો પ્લાન બનાવી તેનું માર્ગદર્શન આપી સમાજ સેવાના કામ કરતા રહયા. આ વાત પ્રસરતા બીજા સત્યાવીસ મંદિરના કામ કરવાનો અવસર મળ્યો પરંતુ બધા કામ સેવાભાવથી કર્યા.

આ બધું કર્યા પછી અંદરની લેખન પ્રવૃતિએ ઉછાળો માર્યો અને એક લેખ લખ્યો : ‘મોરલો મૃત્યુ લોકમાં આવ્યા’. ભાષાશુદ્ધિ, ગામના શિક્ષક મિત્રો હોવાથી તેમની પાસે કરાવતા. આ પહેલો લેખ તેમના પ્રિય અઠવાડિક જે હવે દૈનિક પત્ર બની ચુકયું હતુ તેવા મુંબઇ સમાચારમાં મોકલ્યો અને છપાણો. ત્યારથી આજ સુધી અવિરત લેખન પ્રવૃતિ ચાલુ છે. હા સમયાંતરે લેખનનો વિષય સામાજીકમાંથી આધ્યાત્મિક તરફ વળયો પરિણામે વાસ્તુ, રાંદલ માતાજી, વિશ્વકર્મા વિગેરે વિષયો ઉપર ગ્રંથ લેખન થયું. તેમના લેખો સમયાંતરે ગુજરાત સમાચર, ફુલછાબ, સંદેશ, જેવા દૈનિકો, પરમાર્થ અને વિશ્વકર્મા વિશ્વ જેવા સામાયિકોમાં પ્રસિદ્ધ થતા રહયા. હાલ એ પ્રવાહ થોડો ધીમો પણ અવિરતપણે ચાલે છે.

આ બધું કરતા કરતા પણ કૌટુંબિક જવાબદારી પુરેપુરી નિભાવી છે. બાળકો એટલે કે અમે ત્રણ ભાઇઓ મોટાભાઇ સુરેશભાઇ, હું એટલે મહેન્દ્ર અને નાના દિપકભાઇને ભણવા માટે શહેર રાજકોટમાં મોકલ્યા અને આગળ વધવામાં પુરો સહકાર આપ્યો. રમાબેનને પણ સારા સંસ્કાર તથા જરૂરી શિક્ષણ અપાવી સાસરે વળાવ્યા.

અમે ત્રણ ભાઇઓ રાજકોટ સ્થાયી થવાથી અમારું માન રાખી ગ્રામ્ય જીવન છોડી શહેરી જીવન સ્વીકાર્યું.

અહીં પણ નિવૃત થયા છતાં લેખન વાંચનનો શોખ હોવાથી દરરોજ ચાલીને લેંગ લાઈબ્રેરી જતા અને લેખો લખતા. ‘વિરાટ વિશ્વકર્મા ભુમાપુરાણ’ નામના ૬૦૦ પાનાનાં દળદાર ગ્રંથનું લેખન વેદ અને પુરાણોના આધારે કર્યું. તેની આજ સુધીમાં ‘વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ’ના સહયોગથી, ઈલોરગઢવાળા મહેન્દ્રબાપુના આશીર્વાદથી ૧૬૦૦૦ નકલ છપાણી. તે ગ્રંથના આધારે સુરેન્દ્રનગરવાળા લેખક શ્રી દિનેશભાઇ ગજ્જરે ‘વિશ્વકર્મા ભગવાનના દશ અવતાર ઝાંખી’ નામનું નાટક લખ્યું અને પહેલી વખત રાજકોટ સુવર્ણ શતાબ્દી મહોત્સવ પ્રસંગે ભજવાયું. જે ખુબ લોકપ્રિય થયું અને યુ ટયુબ પર અપલોડ થયું. લાલપુર વિશ્વકર્મા મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા તેમના જ કરકમલે કરવાનો અવસર પ્રાપ્ત થયો. લાલપુર વિશ્વકર્મા મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા તેમના જ કરકમલે કરવાનો અવસર પ્રાપ્ત થયો. તેમજ તે પ્રસંગે રાજકોટ, જામનગર, જામખંભાળીયા વગેરે ગુર્જર સુતાર જ્ઞાતિ કમિટી દ્વારા સન્માન પ્રાપ્ત થયું. જેનું અમો બચુભાઈ વી. વડગામા પરિવારને ગૌરવ છે.

# બરોડાના ધ્રુવ વેકરીયાએ યુ.કે.માં માસ્ટર ડિગ્રી મેળવી





## યુ.કે.ની દ્વિતીય સ્થાન પામેલ કંપનીમાં લોજીસ્ટીક પ્લાનર તરીકે કાર્યરત

વડોદરામાં ઓટો પેઇન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા અને ન્યુ વી.આઇ.પી. રોડ પર રહેતા સંજયભાઇ અને ભારતીબેન વેકરીયાના પુત્ર ધ્રુવ સંજય વેકરીયાએ યુ.કે.ની યુનિવર્સિટીમાં ઓફ એસેકસમાં ગ્લોબલ પ્રોજેકટ મેનેજમેન્ટમાં માસ્ટર ઓફ સાયન્સની ડીગ્રી પ્રાપ્ત કરવાની સિદ્ધિ મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. ઉચ્ચ ડિગ્રી મેળવતાની સાથે યુ.કે.ની. એફએમસીજી કંપની કે જેણે સમગ્ર ઇંગ્લેન્ડમાં ટુંકાગાળામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે તે કંપનીમાં લોજીસ્ટીક પ્લાનર તરીકે કારકિર્દી શરૂ કરી છે.

ધ્રુવ વેકરીયાના માતા-પિતા પણ ઉચ્ચ શિક્ષિત છે. ધ્રુવના પિતા સંજયભાઇ કોમર્સ ગ્રેજયુએટ છે અને માતા ભારતીબેન પણ અમદાવાદમાં કોમર્સ ગ્રેજયુએટ થયા છે. સંજયભાઇ અમદાવાદથી ૨૭ વર્ષ પહેલા બરોડા શીફટ થયા છે. સંજયભાઇએ તેમના બંને પુત્રોને ઉચ્ચ શિક્ષણ પ્રેરણા આપી. મોટો પુત્ર ધ્રુવે એચએસસી પછી રાજકોટની વીવીપી એન્જિ. કોલેજમાં કેમીકલ એન્જિ.ની ડીગ્રી પ્રાપ્ત કરી અને માસ્ટર કરવા યુ.કે. ગયો અને તાજેતરમાં જ માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી છે. સંજયભાઇનો નાનો પુત્ર આયુષ આર્કીટેકટના અભ્યાસ કરી રહયો છે.

વિશ્વકર્મા વિશ્વએ યુ.કે. ખાતે ધ્રુવ સંજયભાઇ વેકરીયાનો સંપર્ક સાધ્યો હતો. ત્યારે તેમણે કહયું કે, મને ૨ વર્ષની વર્ક પરમીટ મળી છે હું જે એફએમસીજી કંપની સાથે જોડાયો છું. તે સ્ટાર્ટઅપ કંપની છે. અને ટુંકાગાળામાં જ ફુડ એન્ડ બેવરેજીસ ક્ષેત્રે ઇંગ્લેન્ડમાં દ્વિતિય સ્થાન મેળવ્યું છે. કંપની મારફત જ મને પાંચ વર્ષની વર્ક પરમીટ મળી જશે.


ધ્રુવ વેકરીયાને ફોટોગ્રાફીનો જબરો શોખ છે. ખાસ કરીને વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી વધુ પસંદ છે. રાજકોટના અભ્યાસ દરમ્યાન નવરંગ યુથ ફેસ્ટીકલમાં ફોટોગ્રાફી સ્પર્ધામાં તેણે ફર્સ્ટ રેન્ક મેળવ્યો હતો. સંસ્કૃતિ કલ્ચર દ્વારા ૨૦૧૯માં જજીસ ચોઇસ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

ધ્રુવ કલીનર પ્રોડકટ અને કલીન ટેકનોલોજી પર રીસર્ચ પેપર તૈયાર કરી બરોડાની એમ.એસ. યુનિ.માં પણ રજુ કરી ચુકયો છે. ધ્રુવ વેકરીયા ઉચ્ચતમ સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.

# ગુ.સુ. સમાજ મણીનગરનો નવી કમિટીનો સત્કાર : જુની કમિટીનું કરાયુ સન્માન





શ્રી ગુર્જર સુતાર સમાજ મણીનગર, શ્રી વિશ્વકર્મા બાગમાં તા. ૨૬-૦૩-૨૦૨૩ રવિવારના સાંજે ૫.૩૦ વાગ્યે સંસ્થાના હોલમાં વિદાય અને સત્કાર સમારંભના કાર્યક્રમનું આયોજન નવી રચાયેલ કમિટીના પ્રમુખ જીતેન્દ્રભાઇ એમ. સંચાણિયા અને કમિટી સભ્યો દ્વારા કરવામાં આવ્યું. હિતેશભાઇ વડગામા કાર્યક્રમની શરૂઆત કરતા કાર્યક્રમની સંચાલન માટે દિનેશભાઇ કરગથરાને આમંત્રણ આપવામાં આવ્યું હતુ.

કાર્યક્રમ શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. જેમાં જીતેન્દ્રભાઇ સંચાણિયા, હસમુખભાઇ શંખલપરા, ધર્મેન્દ્રભાઇ દેવળીયા, શાંતિભાઇ ખોડદીયા, પ્રવીણભાઇ કલોલીયાએ દીપ પ્રાગટય કર્યા બાદ કાર્યક્રમ આગળ વધારવામાં આવ્યો હતો.

દિનેશભાઇએ જુની કમિટીના પ્રમુખ અને કારોબારી સભ્યોને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરવા માટે કહેવામાં આવ્યું. ત્યારબાદ જુની કમિટી કાર્યકાળ દરમ્યાન એમને આપેલા યોગદાન વિશે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ સૌએ પ્રથમ પ્રમુખ હસમુખભાઇ શંખલપરાનું શાલ ઓઢાડી અને ફુલોનો બુકે આપી નવા પ્રમુખ જીતેન્દ્રભાઇ સંચાણીયા, મનુભાઇ પીસાવડીયા અને શાંતિભાઇ ખોડદીયા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતુ. મંત્રી વિનોદભાઇ મહીધરીયાને પણ શાલ ઓઢાડી અને ફુલો બુકે આપીને જગદીશભાઇ સંચાણીયા, ધર્મેન્દ્રભાઇ ખંભાયતા અને હિતેશભાઇ વડગામાએ સન્માનિત કર્યા હતા. નાણામંત્રી ભાણજીભાઇ શંખલપરાનું સન્માન લક્ષ્મણભાઇ છનિયારા અને પ્રવીણભાઇ કલોલીયા કર્યું હતુ. ઉપપ્રમુખ રાજુભાઇ વિરમગામાનું સન્માન પરેશભાઇ છનિયારા અને વસંતભાઇ ખંભાયતાએ કર્યું હતું. ઉપપ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયાનું સન્માન પ્રફુલભાઇ સુરેલીયા અને તુલસીદાસ સોનીગ્રાએ કર્યું હતું. સહમંત્રી હિતેશભાઇ વડગામાનું સન્માન મનહરભાઇ વિસાવડીયા અને ચંદુભાઇ ભાલારાએ કર્યું હતું. સહમંત્રી રસીકભાઇ ધ્રાંગધરીયાનું સન્માન અરવિંદભાઇ કળસારા અને મહેશભાઇ કનોજીયા કર્યું હતું. ઉત્સવમંત્રી શાંતિભાઇ અંબાસણાનું સન્માન રાજુભાઇ ભારદીયા અને હસમુખભાઇ પનારાએ કર્યું હતું. સહઉત્સવમંત્રી અરુણભાઇ ભાલારાનું સન્માન કૃણાલ બદ્રકિયા અને મુકેશભાઇ સંચાણીયાએ કર્યું હતું. પ્રચારમંત્રી હરીભાઇ સુરેલીયાનું સન્માન રમેશભાઇ વડગામા(ધનસુરા) અને વિરલભાઇ વડેચાએ કર્યું હતૂં. સહપ્રચારમંત્રી તેજસભાઇ જોલાપરા કાર્યક્રમ ગેરહાજર રહયા હતા.

કમિટીના સન્માન બાદ શ્રી વિશ્વકર્મા યજ્ઞ પરિવારના ભુપતભાઇ અને કુંદનબેન, નીતાબેન તરફથી જીતેન્દ્રભાઇ અને હસમુખભાઇ અને તેમના ધર્મપત્ની ગીતાબેનનું સન્માન કરવામાં આવ્યું હતુ.

જુની કમિટીના સન્માન કર્યા બાદ દિનેશભાઇ કરગથરા દ્વારા હસમુખભાઇ અઢાર વર્ષના પ્રમુખ પદે રહી સંસ્થામાં કરેલા કાર્ય અંગે માહિતગાર કર્યા હતા. જેમાં સંસ્થામાં સત્સંગ હોલ નવેસરથી નિર્માણ કરાવ્યો, ૨૦૦ નંગ ખુરશી સંસ્થામાં ભેટ આપી હતી.







**જીતેન્દ્રભાઇ સંચાણિયા**



**હિતેશભાઇ વડગામા**



**પંકજભાઇ કનોજીયા**



**રસીકભાઇ ધ્રાંગધરીયા**



**પ્રવીણભાઇ ચાંપાનેરા**




**મનોજભાઇ કંબોયા**



**શાંતિભાઇ અંબાસણા**




**જયેશભાઇ જાદવાણી**



**પિયુષભાઇ આહલપરા**



**હરીભાઇ સુરેલીયા**



**વસંતભાઇ કરગથરા**

સંસ્થામાં બીજામાળ નિર્માણ કરવામાં આવ્યું અને સંસ્થા જરૂરીયા પ્રમાણે વિકાસના કામ કર્યા હતા. તેમજ હસમુખભાઇના પરિવારના સભ્યોનો પણ આભાર માનવો જોઇએ કે જેમને અઢાર વર્ષ સંસ્થાની સેવા કરવામાં હસમુખભાઇને સાથ સહકાર આપ્યો તે બદલ તેમના ધર્મપત્ની ગીતાબેનનું સન્માનિત કરી સમાજમાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરુ પાડવામાં આવ્યું હતું.

હસમુખભાઇ તેમને સંસ્થા અઢાર વર્ષ કરેલા કાર્ય અને અનુભવ વિષે જણાવ્યું હતું. તેવી જ રીતે વિનોદભાઇએ પણ તેમના અનુભવ વિશે જણાવ્યું હતું.

આમ જુની કમિટી વિદાય સમારંભ કાર્યક્રમ કાર્ય બાદ નવી કમિટી સત્કારનો કાર્યક્રમની પ્રારંભ કરવામાં આવ્યો હતો. દિનેશભાઇ દ્વારા નવા પ્રમુખ જીતેન્દ્રભાઇ સંચાણિયા, મંત્રી હિતેશભાઇ વડગામા, નાણામંત્રી પંકજભાઇ કનોજીયા, ઉપપ્રમુખ રસીકભાઇ ધ્રાંગધરિયા, ઉપપ્રમુખ પ્રવીણભાઇ ચાંપાનેરીયા, સહમંત્રી મનોજભાઇ કંબોયા, સહમંત્રી શાંતિભાઇ અંબાસણા, ઉત્સવમંત્રી જયેશભાઇ જાદવાણી, સહઉત્સવમંત્રી પિયુષભાઇ આહલપરા, પ્રચારમંત્રી હરીભાઇ સુરલીયા, સહપ્રચારમંત્રી વસંતભાઇ કરગથરાને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરવાનું કહેવામાં આવ્યું અને આમ નવી કમિટીને પ્રમુખ જીતેન્દ્રભાઇ સંચાણીયા શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ નવી કમિટી સન્માનવિધિ માટે આમંત્રિત મહેમાનને બોલાવ્યા આવ્યા હતા.

પ્રમુખશ્રી જીતેન્દ્રભાઇ સંચાણિયાનું સન્માન હસમુખભાઇ અને વિનોદભાઇ ફુલો બુકે આપી કાર્ય હતું. મંત્રી હિતેષભાઇ વડગામાનું સન્માન શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને તેમની કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. નાણામંત્રી પંકજભાઇનં સન્માન ગજજર ગ્રુપ ઇસનપુરના સભ્ય પ્રવીણભાઇ કંબોયા, હિંમતભાઇ અને ગ્રુપ સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ રસીકભાઇ ધ્રાંગધરીયાનું સન્માન શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુથ ફોરમના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા અને તેમની કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ પ્રવીણભાઇ ચાંપાનેરીયાનું સન્માન શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર વિશ્વકર્મા પરિવાર વેજલપુરના પ્રમુખશ્રી પ્રવીણભાઇ કલોલીયા, નીતિનભાઇ પિલોજપરા અને હિરેનભાઇ વિરમગામાએ કાર્ય હત્રૂ. સહમંત્રી મનોજભાઇનું સન્માન શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર પરિવાર, ન્યુ મણીનગર પ્રમુખ કૃણાલભાઇ બદ્રકિયા અને વિમલભાઇ સોંડાગર અને તેમની કમિટીના સભ્યો કર્યું હતું. સહમંત્રી શાંતિભાઇ અંબાસણાનું સન્માન શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર મિત્ર મંડળના વસંતભાઇ ખંભાયતા અને તેમના કમિટી સભ્યો કર્યું હતું. ઉત્સવમંત્રી જયેશભાઇ જાદવાણીનું સન્માન વસ્ત્રાલ મિત્ર મંડળ કર્યું હતું. સહઉત્સવમંત્રી પિયુષભાઇ આહલપરાનું સન્માન શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, પાલડીના સભ્યો જતીનભાઇ અને પંકિતભાઇ ગોવિંદીયા કર્યું હતૂં. પ્રચારમંત્રી હરીભાઇ સુરેલીયાનું સન્માન શ્રી વિશ્વકર્મા સહિયરના પ્રમુખ ભાનુબેન ગજજર (અખિયાણીયા), કેતાબેન તલસાણિયા અને તેમના કમિટીના સભ્યો કર્યું હતું. સહપ્રચાર મંત્રી વસંતભાઇ કરગથરાનું સન્માન રાજુભાઇ વિરમગામા અને અરૂણભાઇ ભાલારા કર્યું હતૂં.

આમ વિદાય અને શપથવિધિનો સમારંભ અંતે સંસ્થાના મંત્રી હિતેશભાઇ વડગામાએ આભારવિધિ કરી હતી અને ત્યારબાદ અલ્પાહાર બાદ સૌ રાજીખુશી છુટા પડયા હત.

**અહેવાલ : હિતેશભાઇ વડગામા (મંત્રી)**

# લાલપુર સમાજમાં હોલ બનાવવા શ્રી અમૃતલાલ ભારદીયા દ્વારા ૧૫ લાખનું અનુદાન જાહેર

## શ્રી અમૃતલાલ ભારદીયાએ લાલપુરના પ્રમુખનુ કર્યું સન્માન







લાલપુરના ગુર્જર સુતાર સમાજ દ્વારા ફેબ્રુઆરીમાં વિશ્વકર્મા પ્રભુજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઇ ગયા બાદ ૧ માર્ચના રોજ અમૃતલાલ ભારદીયા અને રંજનબેન ભારદીયાએ મંદિરની મુલાકાત લઇ આરતી-દર્શનનો લાભ લીધો હતો. આ મંદિરનું ખાતમુહુર્ત પણ તેઓના હસ્તે કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે લાલપુર સમાજના પ્રમુખ ચંદુભાઇ સાંકડેચાએ સત્કાર સમારંભનું આયોજન કર્યું હતું. જેમાં જામનગર-ખંભાળીયા, ભાણવડના હોદ્દેદાર કમિટી મેમ્બર હાજર રહયા હતા.

આ પ્રસંગે જામનગર સમાજના ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયાએ લાલપુર સમાજ દ્વારા નિર્માણ પામેલ મંદિરની માહિતી આપી કહયુ કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સંજોગવસાત હાજર ન રહી શકેલા અમૃતલાલ ભારદીયા આજે આવ્યા છે. તે ચંદુભાઇ અને તેની ટીમનું સન્માન કરવા આવ્યા છે. સન્માન સ્વીકારવા નહીં. આજે દાદાની પ્રેરણાથી સમાજમાં ઉપરના ભાગે હોલ બનાવવા તેમણે ૧૫ લાખનું અનુદાન જાહેર કર્યું છે. જે અભિનંદનીય છે.

આ પ્રસંગે શ્રી અમૃતલાલ ભારદીયાએ લાલપુરના પ્રમુખ ચંદુભાઇ અને ઉપપ્રમુખ શાંતિભાઇ ગોરેચાનું શાલ ઓઢાડી, સાફો પહેરાવી સન્માન કર્યું હતું. લાલપુરના પ્રમુખે પણ અમૃતલાલ ભારદીયાને મોમેન્ટો આપી શાલ ઓઢાડ સન્માન કર્યું હતું. મૂર્તિના દાતા બચુભાઇ વડગામા વતી તેના પુત્ર મહેન્દ્રભાઇ અને તેમના પત્ની સરોજબેનનું સન્માન સમાજ દ્વારા કરાયું હતું.

આ પ્રસંગે બચુભાઇ વડગામા વતી મહેન્દ્રભાઇ અને સરોજબેને અમૃતલાલ ભારદીયા, ચંદુભાઇ સાંકડેચા, જામનગર પ્રમ્રખુ રમણીકભાઇ ગોરેચા, ખંભાળીયાના પૂર્વ પ્રમુખ પ્રાણલાલભાઇનું આચાર્ય, રાજેશભાઇ અને દિલીપભાઇ ભારદીયાને વિશ્વકર્મા ભૂમા પુરાણ આપી સન્માન કર્યું હતું. લાલપુરના પૂર્વ સરપંચ સમીરભાઇ વાછાણીએ પ્રાસંગીક ઉદબોધન કરી લાલપુર સમાજને અભિનંદન આપ્યા હતા. ચંદુભાઇએ તેમનું સન્માન કર્યુ હતું. જામનગર-ખંભાળીયાના પ્રમુખોના પ્રાસંગીક ઉદબોધન બાદ પ્રમુખ ચંદુભાઇએ આભાર દર્શન કર્યા બાદ સૌએ ભોજન પ્રસાદ લીધો હતો.

## નાનુભાઈ ખંભાયતા અને કાંતીભાઈ સોનછત્રાની સ્મૃતિમાં યોજાયો કાર્યક્રમ

# ‘સર્જક વંદના’માં સંગીત પ્રેમીઓ ઝુમી ઉઠયા




- નમ્રતા ડોડીયા








આ એવું મારું મન,
સુખના બિંદુ વેરી દઈને
દુઃખથી ભરે જીવન...આ એવું મારું મન

આ શબ્દો જે કલમથી ઉતર્યા તે શ્રી નાનુભાઈ ખંભાયતા..

એક કુશળ મિકેનિક ના આવરણ નીચે ઈશ્વરે મૂકેલું કોમળ હૃદય અને તેમાં અદભૂત સર્જનશીલતા. આજથી છ દશકા પહેલાના એમના કાવ્યો અને ગીતો જાણે હૃદયમાં ઊંડા ઉતરી જાય છે. ઉત્પલાબેન જાદવાણીના પિતાજી છે. એમના મિત્ર, એક અદ્‌ભુત સ્વરકાર કાંતિભાઈ સોનછત્રા એટલે જાણે સ્વરોની મોહિનીનો અદભુત જાદુ. આ બંને એમના સમયમાં જે સર્જનોનું ભાથું આપી ગયા તે યાદ કરવા અને આજની નવી પેઢી સુધી પહોંચાડવા ખંભાયતા પરિવાર તથા સોનછત્રા પરિવાર દ્વારા ‘સર્જક વંદના’- શબ્દ સૂરથી છલકાતા સ્મરણો - નામે એક સરસ ઉપક્રમ યોજાયો હતો. જેમાં આ સર્જકોની જીવનની વાતો, ઘણી ન જાણેલી સિદ્ધિઓ અને એમની સર્જન યાત્રાની સરસ વાત શોર્ટ ફિલ્મ દ્વારા રજૂ કરવામાં આવેલી.

તારીખ ૫ માર્ચ રાત્રે ૮:૩૦ કલાકે જ્યારે કુદરત વાતાવરણને કંઈક જુદો જ બતાવી રહ્યું હતું, ત્યારે રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના હોલમાં બંને પરિવારો, અંગત મિત્રો, સંગીત - સાહિત્ય પ્રેમીઓ સમક્ષ નાનુભાઈ, કાંતિભાઈ તથા બંનેના મિત્ર એવા જયંતભાઈ પલાણના ગીતોની રસહેલી વરસી રહી હતી.

આ કાર્યક્રમમાં અનંતભાઇ વ્યાસ, રાજેશભાઈ વ્યાસ, જયશ્રીબેન ગજ્જર, ઉત્પલાબેન જાદવાણી, ધ્વનિબેન વચ્છરાજાની, ઋષિકેશભાઈ પંડ્યા, પારૂલબેન જોશી, નમ્રતાબેન ડોડીયા, આકૃતિબેન સાંગાણી, ભૂમિતિબેન મહેતા, તૃપ્તિબેન દવે વગેરે કલાકારો અને પરિવારજનોએ ગીતો પ્રસ્તુત કરેલાં. સંગીત સંચાલન અને નિયોજન, અને સાઉન્ડની તમામ જવાબદારી કાંતિભાઈ સોનછત્રામાં પરમ શિષ્ય અને બહુ સારા સ્વરકાર શૈલેષભાઈ પંડ્યાએ ગુરુભાવે પોતે ઉપાડેલી. તબલા પર ભાર્ગવભાઈ જાની, ઢોલક પર ઓમભાઈ જાની, ગિટાર પર સચીનભાઈ શર્મા, ઓકટોપેડ પર દેવાંગભાઈ જાનીની ખૂબ સરસ સંગત મળેલી, એનાથી સહુ શ્રોતાઓ રસપૂર્વક કાર્યક્રમ માણી શક્યા હતા. ફોટોગ્રાફી તથા વિડિયોગ્રાફી માટે લાઇફ વિડિયો વાળા અને ખંભાયતા પરિવારના ભાઈઓ સમાન મહેન્દ્રભાઈ તથા રાજુભાઈ રાઠોડનો ખૂબ સહકાર મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયંતભાઈ જોશીએ કરેલું જેનાથી આખો ઉપક્રમ જીવંત બની રહ્યો.

કાર્યક્રમ માટે પટેલ બ્રાસ વાળા રમેશભાઈ પટેલ તથા નરેશભાઈ પટેલનો ખૂબ સહકાર મળેલો. નિખિલભાઈ પીલોજપરાએ પણ મિત્રભાવે આ યાદોને કેમેરામાં કંડારેલી.

પિતાજીના ગીતો, સ્વરાંકનો, કલાગુરૂજી કાંતિભાઈ સોનછત્રાના હૃદયમાં વસેલાં સર્જનોને ગાઈને આવનારી પેઢી સમક્ષ રાખવાનું કલ્પન શ્રી ઉત્પલાબેન જાદવાણીનું હતું.

# વિશ્વકર્મા કૌશલ્ય યોજના દ્વારા વિશ્વકર્મા સમાજને ઉધમી બનાવવાનો ઉદ્દેશ છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



## વિશ્વકર્મા કૌશલ્ય યોજના અંગે વેબીનારમાં ૧૨ વિશ્વકર્મા સમાજના પ્રતિનિધિઓને વડાપ્રધાનનું સંબોધન



તાજેતરમાં નવી દિલ્હી ખાતે બજેટ પૂર્વે એમએસએમઇ દ્વારા આયોજીત વેબીનારમાં દેશભરમાંથી પધારેલા ૧૨ જેટલા વિશ્વકર્મા સમાજના પ્રતિનિધિઓ સમક્ષ સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, વિશ્વકર્મા કૌશલ્ય યોજના દ્વારા વિશ્વકર્મા સમાજને મોટી ઉધમી (પોતાનો ધંધો શરૂ કરનાર) વર્ગ બનાવવાનો ઉદ્દેશ છે. જેથી ફક્ત દેશમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કે કારીગરોને આધુનિક રૂપમાં બદલવાની જરૂર છે. પહેલીવાર હવે એવા કારીગરોનો અભિપ્રાય લેવાની જરૂરી સમજાણી છે કે દેશની અર્થવ્યવસ્થામાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપી રહયા છે. આ વેબીનારમાં ઝારખંડના બોકારો જીલ્લાના ભેંડરા ગામથી પધારેલા નરેશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આખા ભારતમાં ભેંડરા જ એવું એક ગામ છે કે જયાં હજારોની સંખ્યામાં લોકો એક સાથે રહે છે. અહીંના કારીગરો જુની પદ્ધતિથી ઓજારો સહિતની વસ્તુઓ બનાવે છે પરંતુ આજે આપણને વિશ્વની બજાર સામે ટક્કર મળી રહી છે. તેથી આપણા કારીગરોને આધુનિક મશીનરી આપવામાં આવે. ટ્રેનીંગ આપવામાં આવે તથા ટુલકીટ આપવામાં આવે. ભેંડરા જ એક એવું ગામ છે જયાં દરરોજ હજારો તલવાર બનાવવાની ક્ષમતા છે પરંતુ ભંગારના લોઢાથી જ ઓજાર બનાવે છે. પરંતુ અમારે કાચા માલ માટે કલકતા પર આધાર રાખવો પડે છે.

# બરોડાની જીજ્ઞા જાદવાણી ચાર્ટડ એકાઉન્ટન્ટ બની





મુળ સુરેન્દ્રનગરના પણ ૨૦૦૧થી રાજકોટમાં રહેલા અને હાલ બરોડા રહેતા ગોવિંદભાઇ અને પ્રફુલાબેન જાદવાણીની પુત્રી જીજ્ઞાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાની અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

સુરેન્દ્રનગર અને રાજકોટમાં કન્સ્ટ્રક્શન ક્ષેત્રે કાર્યરત એવા ગોવિંદભાઇની પુત્રી જીજ્ઞાએ રાજકોટમાં જ અભ્યાસ કર્યો. એચએસસી પાસ કર્યા બાદ હોમ સાયન્સ અને ગારમેન્ટ મેઇકીંગમાં પણ ડીગ્રી મેળવી અને ત્યારબાદ ૨૦૧૭માં રાજકોટમાં એએમપી લો કોલેજમાં એલએલબીની ડિગ્રી પણ મેળવી છે. તેણીએ સી.એ.ની ઇન્ટર્નશીપ રાજકોટની જાણીતી પેઢી ભરત ગણાત્રા એન્ડ સન્સમાં મેળવી છે. ગોવિંદભાઇના પુત્ર વિશાલ એકાઉન્ટીંગ ક્ષેત્રે કાર્યરત છે અને સી.એ.ની. તૈયારી પણ કરી રહયો છે.

જીજ્ઞા અને વિશાલ ઉત્તરોત્તર આગળ વધે તેવી શુભકામના.

# ડૉ. શ્રીધરભાઇ ગજ્જરનું અવસાન



## પુત્ર પર આવી પડી બે પરીક્ષા



### ગમગીન નિસર્ગે હિંમત હાર્યા વગર આર્યકુળ સ્કૂલમાં આત્મવિશ્વાસથી પરીક્ષા આપી

જિંદગીમાં કેવી કેવી પરિસ્થિતિઓનો સામનો કરવાનો થતો હોય છે! આજે બનેલી એક ઘટનામાં પુત્રને ૧૨ સાયન્સની પરીક્ષા હતી અને રાત્રે પિતાનું નિધન થઈ ગયું હતું. સ્વજનોએ તેને તૈયાર કરીને, હિંમત આપીને પરીક્ષા અપાવી હતી. આથી નિસર્ગે પણ સાયન્સની આત્મવિશ્વાસથી પરીક્ષા આપી હતી. આમ ખરેખર તો નિર્સગને એક સાથે બે પરીક્ષાનો સામનો કરવાનો આવ્યો અને તે બન્ને પરીક્ષા તેણે આપી હતી. જોકે તેને બન્ને પરીક્ષા સ્વજનો અને શિક્ષકોની હિંમત તથા પ્રોત્સાહન બાદ આત્મવિશ્વાસપૂર્ણ રીતે પસાર કરી હતી.

સમગ્ર ઘટનાની વિગત મુજબ લોકભારતી સણોસરા ખાતે કાર્યરત શ્રીધરભાઈ ગજ્જરનું રાત્રે હૃદય રોગના હુમલાથી નિધન થયું હતું.જ્યારે બીજી તરફ તેમના પુત્ર નિસર્ગને મંગળવારે બપોરે ૧૨ સાયન્સની પરીક્ષાનું પ્રથમ પેપર હતું.તેનો નંબર આર્યકુળ સ્કૂલ, ભરતનગર વિસ્તારમાં આવ્યો હતો. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં પ્રથમ દિવસે ભૌતિક વિજ્ઞાનનું પ્રશ્નપત્ર હતું અને તે પહેલા જ નિસર્ગને મોટી પરીક્ષા આવી પડી હતી.

નિસર્ગે સવારમાં મક્કમ મનથી પિતાની અંતિમવિધિ તો કરી પરંતુ ત્યારબાદ તેણે ઢીલા પડી જઈને પરીક્ષા આપવાની ના પાડી હતી. પરંતુ સ્વજનોએ હિંમત અને હુંફ આપીને પોતાના પિતાનું પોતાને ડોક્ટર બનાવવાનું સ્વપ્ન સાકાર કરવા પરીક્ષા આપવા માટે તૈયાર કર્યો હતો અને તેણે હિંમતભેર પરીક્ષા આપી હતી.

ડૉ. શ્રીધરભાઇ બાબુભાઇ ગજ્જર ઉપનિયામક શ્રી અને પ્રાધ્યાપક, લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ, સણોસરામાં છેલ્લા ૨૫ વર્ષથી પોતાની સેવા આપી રહયા હતા.

(લોકભારતી સંસ્થામાં પુરી નિષ્ઠાથી કાર્ય બદલ તેઓને ઉપનિયામકનો હોદ્દો આપવામાં આવેલ તે ઉપરાંત તેઓ પુશપાલન વિભાગ અને ગૌશાળા વિભાગના વડા પણ હતા.)

તેમના માતા-પિતાના સંસ્કારોનું સિંચન બાળપણમાંથી જ તેમનામાં થયેલુ તેમના પિતા શ્રી બાબુભાઇ દેવરામભાઇ સાંકડેચા એકદમ સરળ, સાલસ, નિખાલસ સ્વભાવના તેમજ ચોવીસ કલાક ઠાકોરજીની સેવામાં કાર્યરત રહી નામ-જાપમાં લીન રહેતા. માતા શ્રી લાભુબેન બાબુભાઇ તો સાવ ભગવાનનું માણસ તેમના પતિ કરતા પણ ઠાકોરજીની ભકિતમાં ચડિયાતા આવા માતા-પિતાનું સંતાન એટલે ડો. શ્રીધર ગજ્જર.

જેમણે જીવ્યા ત્યાં સુધી લોકભારતી જેવી જબ્બર સંસ્થાને વફાદાર રહી પોતાની સેવા સંપુર્ણ નિષ્ઠાથી આપી.

પણ કહેવાય છે ને કે કુદરતને પણ સારા માણસોની જરૂર હોય છે. ઈશ્વરે તેમને તા. ૧૩-૦૩-૨૦૨૩ને સોમવારે સાંજે પોતાના દરબારમાં બોલાવી લીધા. સાવ નાની ઉંમર (૫૧ વર્ષ)માં અનેક ઉમદા અને પ્રેરણાદાયક કાર્યોનું ભાથુ મુકીને તેઓએ આપણા સૌ વચ્ચેથી વિદાય લીધી.

અત્યંત દુઃખદાયક ઘટના છે પણ સહન કર્યે જ છુટકો ! શ્રી ઠાકોરજી તેમના કુંટુંબને આવી પડે હૃદયદાવક દુઃખને સહવાની હિંમત આપે તે જ પ્રભુ પ્રાર્થના.

## રાજકોટ વિશ્વકર્મા મંદિરે રવિ રાંદલ લોટા ઉત્સવ



શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ રવિ રાંદ લોટા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન અંતગર્ત શ્રી રવિ રાંદલ માતાજીના ૧૦૮ લોટા શણગારનું આયોજન છે. રવિ રાંદલ માતાજીના લોટા શણગારવાનું ઇચ્છતા હોય તેઓએ ૧૫/૪/૨૩ના શનિવાર સુધીમાં વિશ્વકર્મા પ્રભુજી મંદિરે અથવા ફોન નં. ૦૨૮૧-૨૨૨૨૪૪૫ અથવા મોબાઇલ નં. ૮૪૦૫૮૪૦૫૦૮ પર સંપર્ક સાધી શકાય છે. આ શ્રી રવિ રાંદલ માતાજીના લોટા ઉત્સવનો લાભ લેવા કમિટી અને ટ્રસ્ટી મંડળે સમાજને ભાવભીનુ આમંત્રણ આપ્યું છે.

# ગુ.સુ. જ્ઞાતિ રાજકોટ દ્વારા તા. ૨૬/૪થી જીમખાના ખાતે રાત્રિ પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ





શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા તા. ૨૬-૪-૨૩ થી ૭-૫-૨૩ દરમ્યાન રાજકોટના જીમખાના કલબ ખાતે યોજાનાર દ્વિતિય રાત્રિ પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ 'વિશ્વકર્મા કપ'ના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવા વિશ્વકર્મા પ્રભુજી મંદિરે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કારોબારી અને ટ્રસ્ટી મંડળ ઉપરાંત વિવિધ સંસ્થાના હોદ્દેદારો ઉપરાંત મેચમાં ભાગ લેનાર ટીમોના કપ્તાનો પણ આ મિટીંગમાં ઉપસ્થિત રહયા હતા.

ટુર્નામેન્ટ માટે સલાહકાર કમિટી બનાવાઇ છે. જેમાં જયંતીભાઇ તલસાણિયા અને વિજયભાઇ તલસાણિયાનો સમાવેશ કરાયો છે.

ક્રિકેટ સંકલન અને આયોજન સમિતિ પણ બનાવાઇ છે. જેમાં પ્રજેશભાઇ છનિયારા (મામા), અરવિંદભાઇ ત્રેટીયા, મિતેશભાઇ ધ્રાંગધરિયા, કેતનભાઇ મહિધરીયા, નીતિનભાઇ બદ્રકિયા, ઉમેશભાઇ તલસાણિયા, હિતેશભાઇ ધ્રાંગધરિયા, જીજ્ઞેશભાઇ સંચાણીયા, ધવલભાઇ બકરાણિયા, સાગરભાઇ સુરેલીયા, પ્રતિકભાઇ પંચાસરા, હાર્દિકભાઇ વડગામા, કિશોરભાઇ તલસાણિયા, વિમલભાઇ આમરણીયાનો સમાવેશ કરાયો છે.

મિટીંગમાં પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ કહયુ કે, આ વર્ષે ટુર્નામેન્ટ માટે અનેરો ઉત્સાહ છે. અને ગત વર્ષ કરતા વધુ ટીમો ભાગ લેવાની છે. આ વર્ષે ૪૪ ટીમો વચ્ચે સ્પર્ધા થશે. ૪૪ ટીમો વચ્ચે જ ટુર્નામેન્ટ છે. પરંતુ અત્યાર સુધીમાં ૪૯ ટીમોના રજીસ્ટ્રેશન થઇ ગયા છે. જેમાં વહેલાના પહેલાના ધોરણે ફી સાથે એન્ટ્રી ફોર્મ આવશે તે ૪૪ ટીમોનો સમાવેશ કરાશે.

તેમણે કહયુ કે આયોજનમાં વધુને વધુ યુવાનો જોડાય તેવી મારી અપીલ છે. ગત વર્ષે જીજ્ઞેશભાઇ સંચાણીયા અને રીતેશ ધ્રાંગધરિયા જેવા યુવાનો પડદા પાછળ હતા આ વર્ષે ખુલ્લી રીતે આપણી સાથે છે. આવી રીતે અન્ય યુવાનોએ પણ કોઇનો ડર રાખ્યા વગર આયોજનમાં જોડાવું જોઇએ. ૫૦ યુવાનો આયોજનમાં સામેલ થાય તેવું આયોજન છે.

જગુભાઇ ભારદીયાએ ગત વર્ષે મહેમાનોને હોટલમાં ઉતારા સહિતની વ્યવસ્થા સંભાળી હતી અને દોઢક લાખનું તેમનું યોગદાન મળ્યું હતું. આ વર્ષે પણ તેઓ બહારથી મહેમાનો લાવવા સ્હિતની જવાબદારી સંભાળશે. તેમની આ સેવા પ્રમુખે બિરદાવી હતી. રસીકભાઇએ કહયુ કે આ વખતની ટુર્નામેન્ટ ગત વર્ષ કરતા વધુ આકર્ષક અને ભવ્ય હશે. લાઇટીંગ માટે ગત વર્ષ કરતા બે ટાવરો વધારવાનુ આયોજન છે. ગત વર્ષની માફક આ વર્ષે પણ ટીમો અને મહેમાનો માટે દરરોજ ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે. તેઓએ સમાજ તરફથી વધુને વધુ સહકાર મળશે તેવી આશા વ્યકત કરી હતી.

નીતિનભાઇ બદ્રકિયાએ ટુર્નામેન્ટની રૂપરેખાની માહિતી આપી. ગ્રાઉન્ડ પર વિવિધ પ્રકારની સ્પોન્સરશીપ અંગે માહિતી આપી વધુ માહિતી માટે આયોજન સમિતિના સદસ્યો અને પ્રમુખ રસીકભાઇનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

વિનય તલસાણિયાએ પણ ટુર્નામેન્ટ અંગેની વિગતો આપી સહકાર માટે સમાજને અપીલ કરી હતી.

# સમસ્ત લુહાર સમાજ દ્વારા દ્વિતીય સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો







રાષ્ટ્રીય શાળાની સામે આવેલ શ્રી સૌરાષ્ટ્ર સમસ્ત લુહાર મંડળ દ્વારા રાહતદરે દવાખાનાના ઉદઘાટન પ્રસંગે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સર્વરોગ નિદાન કેમ્પમાં ૧૪૬ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. રાહતદરના આ કેમ્પમાં દર્દીઓને વિનામુલ્યે દવાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય શાળાના મધ્યસ્થ ખંડમા યોજાયેલ આ સર્વરોગ નિદાન કેમ્પમાં ડો. પ્રકાશ પિત્રોડા, ડો. ધીરેન રાઠોડ, ડો. પ્રતિક સિદ્ધપુરા, ડો. જીગર ડોડીયા, ડો. પ્રકાશ કારેલીયા, ડો. વિરલ હરસોરા, ડો. જીજ્ઞેશ કારેલીયા, ડો. આશિષ મકવાણા, ડો. ઈશીતા સિદ્ધપુરા, ડો. પ્રિતી સિદ્ધપુરા, ડો. જયંતી પરમાર વગેરે ડોકટરોએ સેવા આપી હતી.

સંસ્થાના પ્રમુખ કમલેશ સિદ્ધપુરા, સંગઠન મંત્રી મનસુખભાઇ સોલંકી, દિલીપભાઇ ઉમરાડીયા, ઉપપ્રમુખ ભરતભાઇ મારૂ, મંત્રી સુરેશભાઇ પરમાર, ખજાનચી યોગેશ સોલંકી, સભ્યો મનિષ મારૂ, ગીરીશભાઇ રાઠોડ, હિતેશભાઇ વાઘેલા, જીતુભાઇ ડોડીયા, જગદીશભાઇ મકવાણા, નીતિનભાઇ સિદ્ધપુરા, વિલાસભાઇ પિત્રોડા વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

# મુંબઈના તુષારભાઇ કથ્રેચાનું માનવતાભર્યું સેવાકાર્ય





મુંબઇ વિશ્વકર્મા બાગના સેક્રેટરી તરીકે સેવારત એવા તુષારભાઇ કથ્રેચા સમાજલક્ષી અને માનવતા વાદી કાર્ય હંમેશા કરતા રહયા છે. તમામ સમાજોમાં વ્યાપક સંબંધ ધરાવતા તુષારભાઇએ તાજેતરમાં જ બિમલભાઇ ભુરાના સહયોગથી આર્થિક રીતે નબળા પરિવારની બે વર્ષની દીકરીનું વાડીયા હોસ્પિટલમાં સેવાની ભાવનાથી ઓપરેશન કરાવી આપી સમાજ સેવાનું માનવતાભર્યું કામ કર્યું છે.

આ ઉપરાંત તુષારભાઇ કથ્રેચાએ ગુર્જર સુતાર વિશ્વકર્મા સમાજના જે કોઇ જરૂરતમંદ ભાઇ અથવા બહેનને આંખના મોતીયાનું ઓપરેશન કરાવવાનું હોય તેવા ભાઇ-બહેનને વિનામુલ્યે મોતીયાનું ઓપેરશનનું કરાવી આપવાની વ્યવસ ગોઠવી છે. આ રીતે મોતીયાનું ઓપરેશન કરાવવુ હોય તેઓએ તુષારભાઇ કથ્રેચાનો (મો. ૯૮૩૩૪ ૮૧૨૩૮) પર સંપર્ક કરવા જણાવાયું છે. આ ઓપરેશન કરાવવા જરૂરી ફોર્મ વિગત સાથે ભરવાનું રહેશે.

મુંબઇ વિશ્વકર્મા બાગમાં મંત્રી તરીકે કાર્યરત એવા તુષારભાઇ મુંબઇ ભાજપમાં ફોરેન અફેર્સ સેલના કો કન્વીનર છે. સાથોસાથ હયુમન રાઇટસના રાષ્ટ્રીય વડા પણ છે.

# સાહિત્ય સ્પર્ધામાં શીતલ ભાડેશીયાની ગઝલ તૃતિય સ્થાને



વિજયભાઈ એટલે કે મોર્ડન ભટ્ટ સાહિત્યમાં શબ્દને ટહુકો અર્પતો અષાઢી મોરલો, મીઠાં કંઠનો સુર અકાળે જ થોડા દિવસ પહેલા જ અસ્ત થઈ ગયો. વિજયભાઈની વિદાય એટલે સાહિત્યજગતની સૌથી મોટી ખોટ જે ક્યારેય ન પુરાય. શ્રી મોર્ડન ભટ્ટ બૃહદ સાહિત્ય સ્પર્ધા દ્વારા દિવંગત શ્રી વિજયભાઈ ભટ્ટ ઉર્ફે મોર્ડન ભટ્ટ સાહેબને શબ્દાંજલિ રૂપે શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ઉદ્દેશ્યથી સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા સાહિત્યની સેવા કરતા ગુજરાતના કુલ અઢારેક સાહિત્યિક ગ્રુપ આયોજિત ગદ્ય અને પદ્ય સાહિત્ય સ્પર્ધાનું આયોજન તા ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૩ થી ૨ માર્ચ ૨૦૨૩ દરમ્યાન થયું હતું. જેમાં ગુજરાતના અને ગુજરાત બહારના શબ્દ ઉપાસકો કવિ- લેખકો દ્વારા ગદ્ય અને પદ્ય રચના વ્હોટ્સ એપ ગ્રુપના માધ્યમથી સૌએ પોતાની સ્વરચિત અને અપ્રકાશિત પોતાની સ્પર્ધા માટે રચના આપેલ હતી. જેમાં પદ્ય વિભાગમાં ૨૧૫ કવિ મિત્રોની ગઝલ, કાવ્ય, સોનેટ, અછાંદસ અને મૌલિક રચના અને ગદ્ય વિભાગમાં ૧૯૮ લેખકોની વાર્તાઓ મળીને કુલ ૪૧૩ સારસ્વત મિત્રોએ આ સ્પર્ધામાં ભાગ લીધેલો હતો. સ્પર્ધામાં આવેલ રચનાની ઈ - બુક પણ પ્રકાશિત થઈ હતી. આ તકે આપણી જ્ઞાતિના રાજકોટના શ્રીમતી શીતલબેન ભગવાનજીભાઈ ભાડેશિયાએ પણ આ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. જેમાં તેમની ગઝલને તૃતીય સ્થાન પ્રાપ્ત થયેલ છે. વિશ્વકર્મા વિશ્વ મેગેઝીનમાં અવારનવાર તેમની વાર્તા અને ગઝલ પ્રકાશિત થતી હોય છે. શ્રી વિશ્વકર્મા વિશ્વ તરફથી શીતલબેન ભાડેશિયાને ગઝલમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ ખુબ ખુબ અભિનંદન.

### સ્પર્ધામાં વિજેતા થયેલ ગઝલ
### ગઝલ : "શ્રદ્ધા"

છે અડગ શ્રદ્ધા મને ભગવાનમાં.<br>
આવશે ઉગારવા તોફાનમાં.

દિલમાં માનવતા જરા પણ હોય ના,<br>
શું ફરક માણસ અને શેતાનમાં ?

જે લખાયું સુખ એ આવે ભાગ્યમાં,<br>
ના મળે વેચાતું કોઈ દુકાનમાં.

ખાલી આવ્યા, ખાલી હાથે જાશું સૌ,<br>
શાને રહેવું તો પછી ગુમાનમાં.

મા તમારા હાથનો જાદુ જુદો,<br>
સ્વાદ ક્યાં હોટલનાં એ પકવાનમાં.

વાયદો આપી ફરી એ જાય છે,<br>
શું... ભરોસો ત્યાં કરૂં જુબાનમાં !

ડર નહી કોઈથી બેઠો છું 'શીતલ',<br>
શ્યામ આવી કહી ગયા છે કાનમાં.

# સુરતમાં સેવા મંડળ દ્વારા ટીફીન સેવા શરૂ કરાઈ

શ્રી વિશ્વકર્મા સેવા મંડળ પાસોદરા ગુર્જર સુથાર સમાજ દવારા એક સેવા કાર્ય શરૂ કરવામા આવ્યુ છે જેમાં આપણા સમાજમાં કોઈપણના ઘરે દુઃખદાયક ઘટના બને ત્યારે શ્રી વિશ્વકર્મા સેવા મંડળ દ્વારા તેમના ઘરે ટીફીન પહોચાડવામાં આવશે જેથી સમાજના દરેક વ્યકિત આ કાર્યમાં સહકાર આપે તેવી વિનંતી કરાઇ છે.



આ સેવામાં આપને ખાલી આપના વિસ્તાર પ્રમાણે અમારા ફોન નંબર પર ફોન કરીને જાણ કરવાની રહશે જેમના ઘરે દુઃખદ ઘટના બની હોય તેમનુ પુરૂ નામ અને એડ્રેસ મોકલી આપવાનું રહશે અને તેમની ઘરે કેટલા વ્યક્તિ છે તે જણાવવાનું રહશે ફોન કરો અથવા વોટસએપમાં મોકલી આપવા વિનંતી નીચે આપેલ નંબર પર સંપર્ક કરવો

પાસોદરા : દિનેશ માડવીયા-૯૧૭૩૪૧૪૧૬૧, હરેશભાઇ જાદવાણી-૬૩૫૪૫ ૧૦૭૩૦, રસીકભાઇ ઝીઝુવાડીયા-૬૩૫૫૭૦૦૮૯૩, ધનશ્યામભાઈ ઝીઝુવાડીયા-૯૪૨૮૪૯૩૦૭૯, રાજુભાઈ માડવીયા-૯૮૨૫૮ ૬૧૪૭૧,

કઠોદરા : ભાવેશ બકરાણીયા-૮૨૩૮૫૩૧૨૩૧

પાસોદરા પાટીયા : બીપીન સોડાગર-૯૬૩૮૦ ૫૨૦૪૯, હિમતભાઇ ખંભાયતા-૯૭૨૭૬૪૪૫૭૭

ખોલવડ : જયસુખભાઇ ઝીઝુવાડીયા-૯૯૦૯૧૪૫૪૨૨, રમેશભાઈ સોડાગર ધારી-૯૬૨૪૭ ૪૫૪૩૭,

કામરેજ : પ્રકાશભાઇ કનોજીયા-૯૮૨૫૮ ૬૧૯૭૦, કાંતિભાઈ મોડાસીયા-૯૭૨૬૬ ૪૬૬૮૭,

વેલંજા : કિશોરભાઈ માડવીયા-૯૮૨૪૪ ૧૬૯૩૧, રમેશભાઈ ઝીઝુવાડીયા-૯૮૨૫૮ ૭૦૭૦૪, પિયુષ વઢવાણા- ૯૯૦૪૨ ૩૫૦૯૬,

કતારગામ : જગદીશભાઈ વઢવાણા-૯૮૨૫૬ ૬૬૯૧૦, અશ્વિનભાઈ બકરાણીયા-૯૯૭૯૩ ૭૯૨૨૬

પુણા ગામ : ગિરીશભાઇ માડવીયા-૯૯૨૪૭ ૦૧૪૧૧

અમરોલી : સુરેશભાઇ ચાપાનેરા-૯૯૭૯૬ ૦૪૬૭૨

# દિલ્હી વિશ્વકર્મા મંદિરમાં ડાકોરની સુવર્ણ ફોટો પ્રતિમા





શપથ ગ્રહણ સમારોહ તા. ૧૮ માર્ચ ૨૦૨૩ ના રોજ યોજાયો

અખિલ ભારતીય જાંગિડ મહાસભાના અધ્યક્ષ રામપાલ જાંગિડના વરદ હસ્તે પ્રાચીન શ્રી વિશ્વકર્મા મંદિરના નવ નિર્વાચિત પ્રમુખ ગંગાદીન જાંગિડ અને તેમની સમગ્ર કમિટીને હોદ્દા અને ગોપનીયતાના શપથ ગ્રહણ સમારોહ અને શ્રી વિશ્વકર્મા મહા યજ્ઞ-પૂજા માં શ્રી વિશ્વકર્મા ધર્મ પ્રચાર પ્રસાર સમિતિ - ગુજરાત અને શ્રી ડાકોર વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો હાજર રહ્યા.

શ્રી ભરતભાઇ સુથારના પ્રયાસોથી આ પ્રસંગે મંદિર ગર્ભગૃહ પાસે માર્બલથી નિર્મિત સુંદર ગોખમાં શ્રી વિશ્વકર્મા સુવર્ણ મંદિર, ડાકોરની ડિજિટલ-થ્રીડી નિયોન-એલિડી ફોટો પ્રતિમા સ્થાપન અને અનાવરણ થયું.

સમારોહમાં સમગ્ર દેશ, પ્રદેશ અને દિલ્હીના અનેક ગણમાન્ય વ્યક્તિઓની ઉપસ્થિતિ અને પ્રેરણાદાઈ પ્રવચનો થયા. ડાકોર મંદિરના સમર્થક શ્રીમતિ સીમા શર્મા, દિનેશ વત્સ, રમેશ પંચાલ, પ્રમોદ ધિમાન, ઓમપ્રકાશ શર્મા અને ડાકોર મંદિરના પ્રમુખ નિમેશ સુથાર, મંત્રી જયંતિભાઈ ગજ્જર તથા શ્રી વિશ્વકર્મા ધર્મ પ્રચાર પ્રસાર સમિતિ - ગુજરાતના ચંદ્રવદન મિસ્ત્રી, પ્રવિણભાઇ ગજ્જર, કનુપ્રસાદ મિસ્ત્રી, ચીમનભાઈ મેવાડા અને ભરત સુથારનું શ્રી વિશ્વકર્મા મંદિર કમિટી, નવી દિલ્હી દ્વારા ભવ્ય સ્વાગત અને મોમેન્ટો તથા શિલ્ડસથી અભિવાદન કરાયું. આશરે ૫૦૦થી વધુ નિમંત્રિત સભ્યોએ મિસ્ટ ભોજન પ્રસાદથી લાભાન્વિત થયા.

અહેવાલ :- ભરત સુથાર - મેવાડા

# ગ્લોબલ વિશ્વકર્મા બીઝનેશ ઓર્ગેનાઇઝેશન દ્વારા બીઝનેશ મિટીંગ યોજાઇ





વિશ્વકર્મા સમાજના ઉધોગ સાહસિકોને યોગ્ય માર્ગદર્શન મળી રહે અને આજના સ્પર્ધાત્મક યુગમાં કદમથી કદમ મિલાવી ચાલી શકે તેવા ઉમદા આશયથી આજ રોજ હોટલ સિલ્વર કલાઉડ, અમદાવાદ ખાતે પંચાલ (વિશ્વકર્મા) યુવા સંગઠન, ગુજરાત પ્રદેશ અમદાવાદ દ્વારા ગ્લોબલ વિશ્વકર્મા બિઝનેસ ઓર્ગેનાઈઝેશની અમદાવાદ ચેપટરની આઠમી બીઝનેસ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં અજયભાઇ પંચાલ, અને નરેશભાઇ પંચાલ દ્વારા બિઝનેસ પ્રેઝન્ટેશન આપવામાં આવી હતી. તેમજ શ્રી સુબોધભાઇ પંચાલ દ્વારા ‘‘માઇનસથી મીલીયન’’ વિષય પર નોલેજ શેર કરવામાં આવ્યું હતુ. નોલેજેબલ સેમીનાર થકી વિશ્વકર્મા સમાજના ઉધોગ સાહસિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું.

# રાજકોટની આઇટીઆઇમાં પણ વિશ્વકર્મા જયંતીની ઉજવણી





## વિવિધ પ્રોજેક્ટ-મોડલનું પ્રદર્શન પણ યોજાયુ



વિવિધ ક્ષેત્રે તાલીમ આપતી આજી ડેમ પાસે આવેલ ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ દ્વારા અત્યાર સુધી અલગ અલગ વિભાગોમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી થતી હતી પરંતુ આ વર્ષે તમામ વિભાગોએ સાથે મળી વિશ્વકર્મા જયંતીની શાનદાર ઉજવણી કરી હતી ત્યારે સુંદર ભાવ અને ભકિતનું વાતાવરણ ઉભુ થયુ હતું. આ સાથે તાલીમાર્થીઓએ બનાવેલ વિવિધ મોડેલ, આર્ટ અને પ્રોજેકટનું પણ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જે નિહાળવા અનેક લોકો ઉમટયા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત નાયબ નિયામક (તાલીમ), કૌશિકભાઇ કણઝારીયા, ઇન્ચાર્જ આચાર્ય શ્રી સાગર સી. રાડીયા, ફોરમેન ઇન્સ્ટ્રક્ચર ભરતભાઇ એન. ભારદીયા, પી.જી. પટોરીયા, એન.સી. પટેલ, ડી.ડી. શુક્લા, એસ.એન. દલ, પી.એમ. ત્રિવેદી, બી.એમ. ઘોડાસરા, કુ. ભાવનાબેન કરકર, ઉપરાંત સંસ્થાનો સ્ટાફ અને તાલીમાર્થીઓએ વિશ્વકર્મા પુજા અને હથિયાર પુજા કરી હતી અને પ્રદર્શનની મુલાકાત લીધી હતી. ઇન્ચાર્જ આચાર્ય એ.સી. રાડીયા સાહેબ તેમજ ભરત ભારદીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફની જહેમતે આયોજન સફળ બનાવ્યું હતું. **(અહેવાલ : ભરત ભારદીયા)**

# આમરણીયા પરિવાર દ્વારા ૧૩મો પાટોત્સવ યોજાયો



સમસ્ત આમરણીયા પરિવાર દ્વારા કુળદેવી શ્રી ચામુંડા માતાજીના મઢે ૧૩મો પાટોત્સવ ફાગણ સુદ-૫ને શુક્રવાર તા. ૨૪-૨-૨૩ના શુભદિને રાજકોટ જીલ્લાના ધોરાજી જીલ્લા તાલુકાના ગામ ભાડેર (વાઘેલાનું) મુકામે ભકિતભાવ તથા ઉલ્લાસભેર યોજાઇ ગયો.

આ શુભપ્રસંગે હવનનું આયોજન કરવામાં આવેલ. તેમાં પરિવારનાં ગોર શાસ્ત્રી મહેશભાઇ વી. જોષીએ હવનની ધાર્મિકવિધિ કરાવેલ. હવનમાં યજમાન તરીકે મુળ ગામ ભાડેર વાળા હાલ રાજકોટથી પધારેલ કિરણબેન વિનુભાઇ અને વિનુભાઇ અમૃતભાઇ બિરાજમાન થયેલ.

હવનની વિધિ સવારે ૭.૩૦ કલાકથી શરૂ કરેલ. જે બપોરે ૧૨.૩૦ કલાક સુધી ચાલેલ ત્યારબાદ બિડુ હોમી અને માતાજીના નિવેદ તથા મહાપ્રસાદનો આશરે ૧૭૫ લોકોએ લાભ લીધેલ.

આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવા પરિવારના વડીલો, યુવાનો, બાળકો તથા બહેનોએ સહર્ષ સેવા કાર્ય કરેલ તથા આ પ્રસંગને સફળ બનાવેલ.

**અહેવાલ : નિલેશ આમરણીયા.**

# સાહિત્ય શોખીન પરમ જોલાપરા



પરમ ધર્મેશભાઈ જોલાપરાનું મૂળ વતન અને જન્મસ્થળ અમરેલી જિલ્લાનું કોટડાપીઠા ગામ છે એમના માતાનું નામ બીનાબેન છે. તેઓ હાલ મોરબી જિલ્લામાં વસવાટ કરે છે. પરમ હાલ મોરબીમાં મહેન્દ્રનગરમાં આવેલ તક્ષશીલા વિદ્યાલયમાં ૧૧ કોમર્સમાં અભ્યાસ કરે છે અને તેની સાથે તેને સાહિત્યનો પણ શોખ ધરાવે છે. રાજકોટ ખાતે યોજાયેલ તારીખ ૪/૩/૨૦૨૩માં યોજાયેલ છંદોત્સવ ૨.૦માં શ્રી સાઈરામ દવે, રાજભા ગઢવી અને અનુભા ગઢવીનું સન્માન પરમ જોલાપરા અને મોરબીમાં આગવી ઓળખ ધરાવનાર Adv. મિતેષભાઈ દવે સાથે સન્માન કર્યું હતું. Adv. મિતેષભાઈ દવે વ્યવસાયથી વકીલ છે અને પુરાતન અને આધુનિક દેશ તથા વિદેશના સિક્કા, ટપાલ ટિકિટ, અને નોટ્સ એમજ ભારતના રજવાડાના સ્ટેમ્પનો કલેક્શન કરવાનો શોખ ધરાવે છે એથી એમનું નામ ભારતના વિવિધ રેકોર્ડ ઉપરાંત લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ૫મી વાર નામ ધરાવ્યું છે.

# યુથ ફોરમ દ્વારા વૃજ મિસ્ત્રીનું સન્માન



શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથફોરમ-નવાવાડજ, અમદાવાદ. અમાવસ્યા મિલન, સન્માન વર્ષા, શ્રી વૃજભાઈ મિસ્ત્રી ઉત્તમ અને નિપુણ છાયાકાર (Artful Proficient Photographer) નિહારિકા ફોટા સોસાયટીના પ્રમુખ તરીકે વિનિત, વરણી આ સંસ્થામાં દર અમાસના દિને દાદા ભક્તો -શ્રી વિશ્વકર્મા દાદા તથા માં રાદંલની સમુહ આરતી કરી સૌના કલ્યાણ અને પરમાર્થ માટે ગહન ભાવથી અભિયાચના કરે છે. તારીખ ૨૧/૩/૨૩ને અમાસના રોજ ૨૦૦ થી ૨૫૦ સમાજ સમુદાયે મહા આરતી કરી. અને મહાપ્રસાદ અને કઢી પુલાવનો આસ્વાદ માણ્યો. સાથે સાથે વૃજભાઈ મિસ્ત્રી જેઓનુ ફોટોગ્રાફીની દુનિયા ગૌરવયુક્ત નામ છે. શ્રી વજુભાઈની નિહારિકા ફોટો સોસાયટીના પ્રમુખ તરીકે વિનિત વરણી થઈ જે સમાજ માટે ગૌરવની વાત છે. નિહારિકા ફોટો સોસાયટી જેની સ્થાપના કલાગુરૂ શ્રી રવિશંકર રાવળ દ્વારા ૧૯૩૮માં કરવામાં આવી છે. એટલે કે આ સંસ્થા ફોટોગ્રાફીની દુનિયાનો શ્રેષ્ઠ મંચ છે. આ સંસ્થા નવોદિત ફોટોગ્રાફરોનુ સર્જન કરવા નગણ્ય ફીથી મદદરૂપ થાય છે. આવી સંસ્થાના પ્રમુખ બનતા આપણી આ સંસ્થાએ શ્રી વજુભાઈનુ સાલ ઓઢાડી સન્માન કર્યુ અને તેમના પરિવારને પણ બિરદાવ્યુ. મહેશભાઈ બાવળેચા, શંકરભાઈ સોલગામા, હીરાભાઈ સોલગામા, ભાવેશભાઈ પંચાસરા તથા સંસ્થાની સમગ્ર સમિતિએ વજુભાઈ તથા તેમના પરિવારને પ્રશંસાના પુષ્પો અર્પણ કર્યા. **(અહેવાલ : શાંતિભાઈ ખોડદીયા)**

# જામનગરમાં યોજાઇ બ્રાઇડલ કોમ્પીટીશન

- ડો. હિમાંશુ આમરણીયા






શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ-મહિલા મંડળ દ્વારા રવિવાર તા. ૨૬-૦૨-૨૦૨૩ના રોજ રવિકુમાર ભારદીયા એ.સી. હોલ-શ્રી વિશ્વકર્મા બાગ ખાતે 'ઓપન જામનગર બ્રાઇડલ કોમ્પીટીશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં પર(બાવન) દિકરીઓએ બ્રાઇડલ-દુલ્હનનો શણગાર કરીને પ્રતિસ્પર્ધી તરીકે ભાગ લીધેલો.જેની અંતર્ગત ઓમ ટ્રેનીંગ સેન્ટરના શ્રી ડિમ્પલબેન મહેતાના નેજા હેઠળ ૧૦ દિવ્યાંગ દિકરીઓએ પણ દુલ્હનનાં શણગાર સાથે ભાગ લીધેલો જેનો જ્ઞાતિ દ્વારા આ કોમ્પીટીશનમાં લાભ આપવામાં આવેલ. એ દિવ્યાંગ બ્રાઇડલ દિકરીઓએ સ્ટેજ પર સુંદર આવડત રજુ કરી જે જોઇને ત્યાં સાથે આવેલ તેમના વાલીઓ તથા હાજર રહેલા તમામ લોકો ખુબ ખુશ થયેલાં અને ખુબ બધી તાળીઓથી તે તમામને બિરદાવેલ.

આ કોમ્પીટીશનમાં ઓપન જામનગરમાં અન્ય જ્ઞાતિની દિકરીઓ તથા ગુર્જર સુતાર સમાજન દિરકીઓ એમ કુલ-૪૨ સ્પર્ધકોએ મુખ્ય કોમ્પીટીશનમાં ભાગ લીધેલો, જેમાં ત્રણ મુખ્ય સ્પર્ધાના રાઉન્ડ રાખેલા, અંતે ૧૧ સ્પર્ધકોમાંથી વિજેતા ક્રમ નં. ૧ થી ૭ આપવામાં આવેલ, જેમાં ૪ થી ૭ વિજેતા ક્રમાંકને ગીફ્ટ તથા સર્ટીફીકેટ તથા વિજેતા ક્રમાંક પ્રથમ, દ્વિતીય અને તૃતિયને ગોલ્ડ ગીફ્ટ, ગીફ્ટ હેમ્પર તથા સર્ટીફીકેટ આપવામાં આવેલ તથા ભાગ લેનાર તમા સ્પર્ધકોને રીટર્ન ગીફ્ટ આપવામાં આવેલી, અને કાર્યક્રમ બાદ સર્વે માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલી.

આ કાર્યક્રમમાં વિશેષ મહેમાન કિંમતી સમય ફાળવીને પધારેલ જેમાં કોર્પોરેટરશ્રી સુભાષભાઇ જોષી તથા તેમની ટીમ, કોર્પોરેટરશ્રી પ્રભાબેન ગોરેચા, વિશ્વકર્મા સોશ્યલ ગ્રુપ રાજકોટના જયભાઇ ચંદ્રકાતભાઇ વડગામા, નિખિલભાઇ હસમુખભાઇ વડગામા તથા દિપેશભાઇ રસીકભાઇ સાકડેચા ખાસ પધારેલ. આ તમામ મહેમાનોનું સ્વાગત અભિવાદન કરવામાં આવેલ. તથા પ્રમુખ રમણીકભાઇ ગોરેચા તથા ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયા(દિલીપમામા) એ પોતાના શબ્દોથી તમામ પધારેલ લોકોનું શાબ્દીક સ્વાગત કરેલું અને સ્પર્ધકોને બિરદાવેલ તથા તમામ મહિલા મંડળની બહેનોને આ આયોજન માટે બિરદાવેલા.


વિજેતાઓમા મુખ્ય સ્પર્ધકોમાં પ્રથમ ક્રમે મયુરીબેન મિનેશભાઇ ભારદીયા, દ્વિતિય ક્રમે મિતલબેન હિમાંશુભાઇ આમરણીયા, તૃતીય ક્રમે શ્રુતિબેન અલ્પેશભાઇ ગઢવીએ ઇનામ મેળવ્યું તથા ૪, ૫, ૬ અને ૭માં ક્રમે અનુક્રમે પ્રિયાબેન નિલેશભાઇ જાદવાણી, નિધીબેન નરેન્દ્રભાઇ ઠાકર, વિનીશાબેન મિતુલભાઇ શાહ તથા જલ્પાબેન ગોંડલીયા આવેલ તથા સ્પેશ્યલ ગીફ્ટ પુનમબેન સુમીતભાઇ દુધૈયાને મળેલ. જ્યારે ૧૦ દિવ્યાંગ દીકરીઓમાંથી પ્રથમ કોમલબેન જયેશભાઇ લખીપર, દ્વિતીય સીમાબેન મુકેશભાઇ રાયઠઠ્ઠા અને તૃતીય રંજનબેન ગોરધનભાઇ નકુમ રહેલ હતાં.

આ કાર્યક્રમનાં નિર્ણાયકો (૧) હિરલબેન ચોટાઇ તથા (૨) ધાત્રી પટેલ હતાં.

આ કાર્યક્રમ સફળ બનાવવા જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ નિયામક સમિતિ પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયા(દિલીપમામા), ટ્રસ્ટી અશોકભાઇ આમરણીયા, કાર્યવાહક સમિતિ પ્રમુખ ભરતભાઇ વડગામા, ઉપપ્રમુખ નિલેશભાઇ ખારેચા, મંત્રી ડો. હિમાંશુભાઇ આમરણીયા, સભ્ય વિજયભાઇ બકરાણીયા તથા તમામ સભ્યો, યુવક મંડળના પ્રમુખ વિમલભાઇ ગોરેચા તથા તમામ સભ્યશ્રીઓ, સર્વિસ ગ્રુપના પ્રમુખ નિલેશભાઇ વડગામા તથા હોદ્દેદારોએ મહિલા મંડળની આગેવાની હેઠળ કાર્યક્રમ આયોજનથી લઇને સફળ બનાવવા સુધી જહેમત ઉઠાવેલ.

મહિલા મંડળના પ્રમુખ કુંદનબેન આમરણીયા, ઉપપ્રમુખ ગીતાબેન અઘેડા, મંત્રી ભાવનાબેન વઘાડીયા, ખજાનચી જાગૃતિબેન પેશાવરીયા, સહમંત્રી મિતલબેન આમરણીયા, સાં.મંત્રી નિલાબેન ગોરેચા, કાર્યક્રમ નિર્દેશક ચેતનાબેન વાલંભીયા, કાર્યક્રમ સંયોજક પ્રભાબેન ગોરેચા તથા સભ્ય હિનાબેન અઘેડા, સંગીતાબેન સાંકડેચા, મીનાક્ષીબેન સુરેલીયા, કિર્તીબેન અઘેડા, ઇલાબેન બોરાણીયા, બીનાબેન બકરાણીયા, રંજનબેન ગોરેચા, દેવીકાબેન બકરાણીયા, કોમલબેન પેશાવરીયા, હિરલબેન બકરાણીયા, મીરાબેન જાદવાણી, દેવાંગીબેન વડગામા, નીતાબેન વડગામા, નીતાબેન વિસાવાડીયા, જયોત્સનાબેન પિસાવાડીયા સર્વે બહેનોએ છેલ્લા એક મહિનાથી સતત મહેનત કરીને આ કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવેલ. કાર્યક્રમનું સંચાલન નિર્દેશક ચેતનાબેન વાલંભીયા તથા મંત્રી ડો. હિમાંશુભાઇ આમરણીયા તથા ફોટો/વિડીયોગ્રાફી, સભ્ય કમલેશભાઇ પિસાવાડીયા અને સાઉન્ડ સીસ્ટમ જયભાઇ કમલેશભાઇ અઘેડાએ સંભાળેલ.

# ગુણવંતભાઈની સેવાની સુગંધ સમાજમાં સદાય પ્રસરતી રહેશે





ડાકોર મંદિરના પ્રમુખ ચંદ્રવદનભાઈ અને તુલસીભાઈ સોનીગ્રા સાથે ગુણવંતભાઈ

**શબ્દાંજલી**

**ભરત સુથાર મેવાડા**

મુળ મહેસાણા જીલ્લાના વડાવલીના સુપુત્ર અને અમદાવાદને વર્ષો સુધી કર્મભૂમિ બનાવીને છેલ્લા ૧૫ વર્ષ અમેરિકા પુત્ર સાથે સ્થાયી થયેલા ગુણવંતભાઇ મણીલાલ ગજજરનું (ઉ.વ. ૭૫) યુએસએ કેલીફોર્નિયામાં તા. ૧૮-૩-૨૩ના રોજ દુઃખદ અવસાન તા વિશ્વકર્મા પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે.


ગુણવંતભાઇએ ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ અમદાવાદમાં ટેક્ષટાઇલ, કેમીકલ અને કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે જોડાયા હતા. સમાજ સેવાનો જેનો સ્વભાવ હતો તેવા ગુણવંતભાઇએ વિશ્વકર્મા પરિવારના સંગઠન માટે વર્ષો સુધી કામ કર્યું. અખિલ ભારતીય વિશ્વકર્મા પરિવારના નેજા હેઠળ તેઓએ ઓબીસી એકટીવીસ્ટ તરીકે નોંધપાત્ર કામગીરી કરી હતી. ઓબીસી એકટીવીસ્ટ તરીકે સંસ્થાના પ્રમુખ પી.એચ. પરમાર, એસ.એમ. સોની, ચંદ્રકાંત સોમપુરા અને ભરત સુથાર વગેરેએ સુપ્રિમ કોર્ટ અને પછાત વર્ગ આયોગ સુધી લડત આપી તી.

વિશ્વકર્મા વંશજ ઉત્કર્ષ મંડળ સ્થાયી રમેશભાઇ ધનસુરા, શ્રી પ્રવીણભાઇ ગજજર, વાલાભાઇ અને ભાલચંદ્ર મેવાડા સાથે અનેક સેવા કાર્ય કર્યા. તેમના પત્ની માલવીકાબેન પણ ઉચ્ચ શિક્ષિત થયા અને અમદાવાદ મ્યુ. કોર્પોરેશનમાં એકાઉન્ટન્ટ તરીકે સર્વિસ કરી હતી. ગુણવંતભાઇએ પુત્ર કુશાંગ ઓસ્ટ્રેલિયા ભણીને આઇ.ટી. ઇજનેર બન્યો હતો. ગુણવંતભાઇ છેલ્લા ૧૫ વર્ષથી અમેરિકા સ્થાયી થયા હતા. અમેરિકામાં પણ વિશ્વકર્મા સમાજ અને સ્વામીનારાયણ સંપ્રદાયમાં કાર્યરત રહયા અને જીવનના અંત સુધી વિશ્વકર્ઞા ધર્મપ્રચારનું કાર્ય કર્યું.

ગુણવંતભાઇ ગજજર વાંચન અને લેખનના પણ શોખીન હતા. વિશ્વકર્મા વિશ્વ સાથે પણ તેઓનો પારીવારીક નાતો હતો. અમેરિકા ગયા બાદ પણ તેઓ વિશ્વકર્મા વિશ્વ સાથે વોટસએપના માધ્યમથી જીવનના અંતિમ દિવસ સુધી જોડાયેલા રહયા. તેમના જવાથી વિશ્વકર્મા વિશ્વએ પણ પોતીકો માણસ ગુમાવ્યા હોવાની અનુભુતિ વ્યકત કરી હતી. તેઓ સાહિત્યીક વિશ્વકર્મા રાઇટર ગ્રુપ સાથે પણ જોડાયેલા રહીને સંપર્કમાં રહેતા હતા.

ગુણવંતભાઇની પુત્રી નીધિબેન ઉમેશભાઇ સુથાર પણ ઉચ્ચ શિક્ષિત છે અને હાલ અમદાવાદ રહે છે.

ગુણવંતભાઇ હવે આપણી વચ્ચે રહયા નથી પરંતુ તેઓએ કરેલ સમાજ સેવાની સુગંધ સદાય મધમધતી રહેશે.


## ઘર બેઠા લવાજમ ભરો, ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.

Paytm G Pay

**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર Paytm અથવા G Pay કરો**

**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

# વિશ્વકર્મા બાગ (અમદાવાદ) : નવી કમિટીનો સત્કાર – જુની કમિટીનું સન્માન



દીપ પ્રાગટ્ય કરતા હસમુખભાઈ શંખલપરા, ધર્મેન્દ્રભાઈ દેવળીયા, પ્રવીણભાઈ કલોલીયા અને શાંતિભાઈ ખોડદીયા




વિશ્વકર્મા બાગના નવા પ્રમુખ જીતેન્દ્રભાઈ સંચાણીયાનું સન્માન કરતા પૂર્વ પ્રમુખ હસમુખભાઈ શંખલપરા અને પૂર્વ મંત્રી વિનોદભાઈ મહીધરીયા



પૂર્વ પ્રમુખ હસમુખભાઈ શંખલપરાનું સન્માન કરતા સૌ. ગુ. સુ. યુથ સંસ્થાના પ્રમુખ શાંતિભાઈ ખોડદીયા, મનુભાઈ પીસાવડીયા અને પ્રમુખ જીતેન્દ્રભાઈ સંચાણીયા




ઉપપ્રમુખ પ્રવીણભાઈ ચાંપાનેરાનું સન્માન કરતા વેજલપુર સંસ્થાના પ્રવીણભાઈ કલોલીયા, નીતિન પિલોજપરા, અને હિરેનભાઈ ગજ્જર





સંસ્થાના મંત્રી હિતેશભાઈ વડગામાનું સન્માન કરતા ગુ.સુ. સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા અને કમિટી સભ્યો

અહેવાલ અને વધુ તસવીરો માટે જુઓ પાના નં. ૨૧ પર

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

# બેસ્ટ સેલરમાં સ્થાન પામેલ પુસ્તક




સારા નરસા પ્રસંગોએ
સ્મૃતિભેટ આપવા માટેનું
શ્રેષ્ઠ પુસ્તક

## મારા દાદા
## શ્રી વિશ્વકર્મા

(સંક્ષિપ્તમાં વિશ્વકર્મા પુરાણ)
પાના - ૮૪, કિંમત રૂા. ૮૦

**૨૫થી વધુ નકલ મંગાવનારને**
**ખાસ કન્સેસન પોસ્ટેજ ફ્રી**

: આજે જ સંપર્ક કરો :

**પ્રવીણ ગજજર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ.

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**